સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

કાલરાત્રિ




વર્ષ : ૪૮ અંક : ૨૫૫ જૂનાગઢ તા.૦૯-૧૦-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 255, Junagadh : Date : 09 October, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

### હરીયાણા અને જમ્મુ-કાશ્મીરમાં નવી સરકાર રચવાની કવાયત શરૂ

# કલમ-૩૭૦નો મુદો જિવિત રાખીશું : ઉમર અબ્દુલ્લા





નવી દિલ્હી - જમ્મુ તા. ૯ જમ્મુ-કાશ્મીરાનાં મુખ્યમંત્રી પદે બિરાજમાન થવા જઈ રહેલા નેશનલ કોન્ફરન્સનાં વડા ઉમર અબ્દુલ્લાએ આજે મીડીયા સમક્ષ વાતચીત કરતા એવું જણાવ્યું હતું કે, કલમ-૩૭૦નાં મુદાને અમે જિવિત રાખીશું. તેમણે કહયું કે, કેન્દ્ર સરકાર બદલશે તો અમે બેસીને વાતચીત કરીશું હાલમાં કેન્દ્ર સરકાર સાથે તકરાર જરૂરી નથી. લોકોનાં કામ કરવા હોય તો લડાઈથી ફાયદો થતો નથી તેથી કેન્દ્ર સરકાર સાથે મળીને કામ કરવાનું રહેશે તેમ જણાવતા ઉમર અબ્દુલ્લાએ જણાવ્યું કે, નવી દિલ્હી સાથે તાલમેલ બેસાડવો જરૂરી છે. તેમણે કહયું કે, ભાજપનું રાજકારણ તેમને સ્વીકાર્ય નથી. આમ કલમ-૩૭૦ મુદે ઉમર અબ્દુલ્લાએ કરેલા નિવેદને ભારે ચર્ચા જગાવી દીધી છે.

દરમ્યાનમાં આજે બીજી તરફ હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો આવતા જ હવે બન્ને રાજયોમાં સરકાર રચવાની ગતિવિધી તેજ બની છે આ પરીણામો અત્યંત સ્પષ્ટ છે અને તેથી હવે શપથવિધી માટે સમય જ નકકી કરવાનો છે.

હરિયાણામાં ભાજપને ફરી સતા મળી છે અને વર્તમાન મુખ્યમંત્રી નાયબસિંહ સૈની ફરી સુકાન સંભાળશે તેવા સંકેત છે. તેઓ અને પ્રદેશ ભાજપ પ્રમુખ મોહનલાલ બાડોલી દિલ્હી જવા રવાના થયા છે અને આજે સાંજે તેઓ પક્ષનાં પ્રમુખ જે.પી.નડ્ડા ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહને મળશે.

## હરીયાણામાં કોંગ્રેસનાં ઉમેદવાર માત્ર ૩૨ મતે હાર્યા

નવી દિલ્હી, તા.૯: હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર અને પૂર્વ IAS અધિકારી બ્રિજેન્દ્ર સિંહને માત્ર ૩૨ મતોથી હારનો સામનો કરવો પડ્યો હતો. બ્રિજેન્દ્ર સિંહને ભાજપના ઉમેદવાર દેવેન્દ્ર ચતરભુજ અત્રીએ માત્ર ૩૨ મતોથી હરાવ્યા હતા. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, ભાજપના ઉમેદવાર દેવેન્દ્ર ચતર ભુજ અત્રીએ હરિયાણાની ઉચાના કલાન સીટ પર માત્ર ૩૨ મતોના માર્જિનથી જીત મેળવી હતી. અત્રીએ તેમના નજીકના હરીફ કોંગ્રેસના ઉમેદવાર અને પૂર્વ IAS અધિકારી બ્રિજેન્દ્ર સિંહને હરાવ્યા હતા.

## શેરબજારમાં તેજી સેન્સેકસમાં ૬૦૦ પોઈન્ટનો ઉછાળો

મુંબઈ તા. ૯ આજે સેન્સેક્સ ૬૦૦થી વધુ પોઈન્ટના વધારા સાથે ૮૨,૨૫૦ના સ્તર પર ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટીમાં પણ ૨૦૦ પોઈન્ટનો ઉછાળો છે, તે ૨૫,૨૧૦ના સ્તર પર કારોબાર કરી રહ્યો છે. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૯ વધી રહ્યા છે. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૮ વધી રહ્યા છે અને ૧૨ ઘટી રહ્યા છે. NSEના તમામ ક્ષેત્રીય સૂચકાંકો ઝડપથી કારોબાર કરી રહ્યા છે. એશિયન માર્કેટમાં જાપાનનો નિક્કી ૦.૬૨% ઊંચો છે. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ ૩.01% અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ૬.૫૮% ઘટીને ટ્રેડ થઈ રહ્યો છે. ૮ ઓકટોબરે અમેરિકાનો ડાઉ જોન્સ ૦.૩૦% વધીને ૪૨,૦૮૦ અને Nasdaq ૧.૪૫% વધીને ૧૮,૧૮૨ પર પહોંચ્યો હતો.

### નવરાત્રીમાં વધુ એક ગેંગરેપની ઘટના :

## સુરતનાં બોરસરા ગામની સીમમાં સગીરાને ત્રણ નરાધમોએ પીંખી નાખી

સુરત તા. ૯ નવરાત્રિમાં દેવીસ્વરૂપા બાળાઓને દુષ્કર્મી દાનવોથી કોણ બચાવશે?. હવે આ સવાલ આજે દરેક ગુજરાતી પૂછી રહ્યો છે. બીજા નોરતે વડોદરાના ભાયલીમાં સગીરા પર ગેંગરેપની ઘટના બાદ હવે ગૃહ રાજ્યમંત્રીના ગૃહ જિલ્લામાં સગીરા પર સામૂહિક દુષ્કર્મની ઘટના બનતા સમગ્ર ગુજરાતમાં આક્રોશ છે. પીડિતા આણંદ વિદ્યાનગરમાં કોલેજના પહેલાં વર્ષમાં અભ્યાસ કરે છે અને મુળ સુરત જિલ્લાની રહેવાસી છે. હાલમાં તે કોલેજમાંથી પોતાના ઘરે પરત આવી રહી હતી ત્યારે આ ઘટના બની છે. સુરતના માંગરોળના બોરસરાં ગામની સીમમાં રાત્રિના સમયે એક સગીરા સાથી મિત્ર સાથે ઊભી હતી. આ દરમિયાન ૩ નરાધમોએ આવી સાથી મિત્રને માર મારી ભગાડી નજીકમાં અવાવરું જગ્યાએ લઈ જઈને દુષ્કર્મ આચર્યું હતું. ત્રણ પૈકી એક શખસે દુષ્કર્મ આચર્યું હતું. અન્ય બે શખસોએ દુષ્કર્મ આચર્યું છે કે નહીં તે તપાસનો વિષય છે.

રાજ્યમાં હાલ નવરાત્રિનું પર્વ ચાલી રહ્યું છે. મહિલાઓ અને યુવતીઓ મોડે સુધી ઘરની બહાર ગરબે રમવા નીકળે છે. ત્યારે વડોદરાના ભાયલીમાં યુવતી સાથે સામૂહિક દુષ્કર્મનો રોષ શમ્યો નથી, ત્યાં તો સુરત જિલ્લામાંથી સામૂહિક દુષ્કર્મની ઘટના સામે આવી છે. ઘટનાને પગલે સુરત જિલ્લા રેન્જ IG, સુરત જિલ્લા પોલીસ વડા, LCB, SOG અને કોસંબા પોલીસ સ્થળ પર પહોંચ્યા છે. તેમજ આરોપીને પકડવા માટે ડોગ સ્કવોડની મદદ લેવાઈ રહી છે. હાલ પીડિતાના પરિવારનાં નિવેદનો લેવાઈ રહ્યાં છે.

## જમ્મુ-કાશ્મીરમાં સૈન્યનાં અપહૃત જવાનની કરપીણ હત્યા

શ્રીનગર, તા.૯ : જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીનું પરિણામ જાહેર થતાંની સાથે જ આતંકવાદીઓએ પોત પ્રકાશ્યું હોય તેમ સૈન્યના બે જવાનોનું અપહરણ કરી લેતા ખળભળાટ સર્જાયો છે. જો કે એક જવાન ત્રાસવાદીઓની ચુંગાલમાંથી નાસી છૂટતા સમગ્ર ઘટનાની જાણ થઈ હતી. દરમ્યાનમાં આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ અપહૃત જવાનનો આજે ગોળીઓથી વિંધાયેલો મૃતદેહ મળી આવ્યો છે આ જવાનની આતંકવાદીઓએ કરપીણ હત્યા કરી હોવાનું જાણવા મળે છે.

## રીઝર્વ બેંકે સતત ૧૦મી વખત વ્યાજદર યથાવત રાખ્યા : લોનનાં હપ્તામાં કોઈ રાહત નહી મળે

નવી દિલ્હી, તા.૯: રીઝર્વ બેંકની મોનેટરી પોલિસી કમિટીએ ફરી એકવાર રેપો રેટમાં કોઈ ફેરફાર નહીં કરવાનો નિર્ણય લીધો છે. આ સતત દસમી વખત છે જયારે પોલિસી દરો યથાવત રાખ્યા છે.એટલે કે લોનની EMI ન તો વધશે કે ઘટશે. આ સતત ૧૦મી વખત છે જ્યારે રિઝર્વ બેંકે રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. તમામ MPC સભ્યો વલણને તટસ્થ રાખવા સંમત થયા. એમપીસીની ત્રણ દિવસની લાંબી બેઠક બાદ રીઝર્વ બેંકનાં ગવર્નર શક્તિકાંત દાસે તેમાં લેવાયેલા નિર્ણયો વિશે માહિતી આપી હતી. તેમણે કહ્યું કે ફરી એકવાર રેપો રેટ ૬.૫% પર જાળવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દાસે જણાવ્યું હતું કે સમિતિના ૬ માંથી પાંચ સભ્યોએ રેપો રેટ યથાવત રાખવાની તરફેણમાં મતદાન કર્યું હતું. રેપો રેટ એક જ રહેવાનો અર્થ એ છે કે તમારી લોનના હપ્તામાં કોઈ ફેરફાર થશે નહીં. રેપો રેટ એ દર છે જેના પર આરબીઆઈ બેંકોને લોન આપે છે. તેના ઘટાડાને કારણે, તમારી હોમ લોન, પર્સનલ લોન અને કાર લોનના હપ્તા ઘટે છે. રીઝર્વ બેંકે છેલ્લે ગયા વર્ષે ફેબ્રુઆરીમાં રેપો રેટમાં ફેરફાર કર્યો હતો. પછી તે ૦.૨૫% થી વધારીને ૬.૫% કરવામાં આવ્યું હતું.

ઉધઈ થી બચો
આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈંજેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી
સંજયભાઈ
મો. ૯૯૭૮૭ ૧૦૧૫૦

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
પ્યોર આખી મોરો જૂની સોપારી ૧ કિલોનાં રૂા. ૫૯૦ ફકત / આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો. ૯૩૭૬૬૦ ૫૫૬૨

નવરાત્રીની હાર્દિક શુભેચ્છા...
વરૂણ
દર્દ નિવારક તેલ
કષ્ટહર તેલમ્
● કમરનો દુઃખાવો ● સાંધાનો દુઃખાવો
● ગરદનનો દુઃખાવો
● માસ પેશીઓનાં દુઃખાવામાં અસરકારક
વ્યાપારીક પુછપરછ આવકાર્ય છે
દિનેશ એજન્સીઝ
આઝાદ ચોક, જૂનાગઢ
સંપર્ક : ૯૯૨૫૫ ૧૧૯૯૭

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં થિયરી
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી તદ્દન નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ફિંગરપ્રિન્ટ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો




ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે






PARDAWALA
✦ શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?
જો હા... તો હવે
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.
PARDAWALA તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫
(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)


ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે)
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર - જયોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



# આદર્શનગર-રમાં આવેલ નવદુર્ગા ગરબી મંડળમાં બાળાઓએ ખેલૈયાનું હાલરડાનું અદભૂત નાટક રજુ






(પ્રકાશ ભાદરકા દ્વારા)

જૂનાગઢ તા.

જૂનાગઢ શહેરમાં આદર્શનગર-રમાં મીરા કોમ્પલેક્ષ પાસે આવેલ રામજી મંદિર ખાતે નવદુર્ગા ગરબી મંડળ છેલ્લા ૪ વર્ષથી આયોજન કરે છે. આ ગરબીમાં નાની બાળાઓ પ્રાચીન ગરબી રમે છે. દરરોજ ૧૦ થી ૧૨ લાણી આપવામાં આવે છે તેમજ દરરોજ લાઈવ નાસ્તો (લાણી) આપવામાં આવે છે. આ વર્ષે અંદાજે ૬૫ બાળાઓ આ ગરબીમાં માતાજીનાં ગરબે રમે છે. તેમજ દશેરાનાં દિવસે ઈનામ વિતરણ કરવામાં આવે છે. ગઈકાલે નવદુર્ગા ગરબી મંડળમાં બાળાઓએ સરસ મજાનું ખેલૈયાનું હાલરડું નાટક રજુ કરીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. નવદુર્ગા ગરબી મંડળને સફળ બનાવવા પ્રમુખ હિતેશભાઈ ગાગીયા, માલદેભાઈ કાંબલીયા, રાજુભાઈ મકવાણા, મુળુભાઈ કટીર, મુકેશભાઈ કરંગીયા તથા રામજી મંદિર ધુનમંડળનાં સર્વે સદસ્યો જહેમત ઉઠાવી રહયા છે. આ ગરબીની વિશેષતા એ છે કે સોસાયટી તથા અન્ય વિસ્તારમાંથી ફાળો લેવા જતા નથી ગરબીનાં સ્થળે જ ફાળો આપે તે લેવામાં આવે છે અને યથાશકિત મુજબ બાળાઓને ઈનામ વિતરણ કરવામાં આવે છે.

# ઉપલા દાતાર શનીવારે દશેરાના પાવન પર્વે નવનાથસીધ્ધ ચોર્યાસીના ધૂણે યજ્ઞ યોજાશે અને શક્તિ પૂજનનો કાર્યક્રમ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢ કોમી એકતાના પ્રતિક સમી ઉપલાદાતારની ધાર્મિક જગ્યા ખાતે પરંપરાગત વિજયાદશમી દશેરાએ નવનાથ સિદ્ધચોર્યાસીના ધૂણે યજ્ઞનું અનેરૂ આયોજન મહંત શ્રીપૂજ્ય ભીમ બાપુની નિશ્રામાં કરાયું છે. વહેલી સવારે યજ્ઞ શરૂ થશે, બપોરે બીડુ હોમવામાં આવશે ત્યારબાદ જગ્યા ખાતે શકિત પૂજન, શસ્ત્ર પૂજનનો પણ અનેરો કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે ઉપસ્થિત ભાવિકો માટે મહાપ્રસાદની અનેરી વ્યવસ્થા પૂજ્ય બાપુ દ્વારા કરાય છે. તો સૌ કોઈ ભાવિકોએ આ પાવન પ્રસંગે યજ્ઞના દર્શન અને મહાપ્રસાદ લેવા પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં શુક્રવારે 'હવનાષ્ટમી'ની ઉજવણી : ઠેર ઠેર હવન અનેકવિધ કાર્યક્રમો યોજાશે









જૂનાગઢ તા.૯

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં આવતીકાલે હવનાષ્ટમીની ભાવભેર અને ભક્તિભાવપુર્વકની ઉજવણી કરવામાં આવશે. માતાજીનાં મંદિરો અને ધાર્મિક સ્થળોએ હવન સહિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આસો માસની નવરાત્રીની ભક્તિભાવ પુર્વકની સર્વત્ર ઉજવણી કરવામાં આવી રહી છે. શક્તિની આરાધનાનાં પર્વની ખુબ જ ઉત્સાહથી ઉજવણી થાય છે. માતાજીનાં ગરબા, દુહા, છંદની રમઝટ વચ્ચે માતાજીનાં ગરબા ગવાઈ છે. બેઠા ગરબા સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. આજે છઠ્ઠું નોરતું છે અને શુક્રવારે આઠમનું નોરતું એટલે કે હવનાષ્ટમી છે. નવરાત્રી દરમ્યાન આઠમનું વિશેષ મહત્વ રહેલું છે. શક્તિની આરાધનાનાં અવસર ઉપર નવદુર્ગા સ્વરૂપે બીરાજતાં માતાજીની ભક્તિમાં ભાવિકો લીન બન્યા છે. અને ભક્તિભાવભર્યો માહોલ છે. શુક્રવારે આઠમનાં દિવસે હવનનાં કાર્યક્રમોનું આયોજન થયેલ છે. ગિરનાર પર્વત પર બિરાજતાં જગતજનની અંબાજી માતાજીનાં મંદિરે પણ શુક્રવારે વિવિધ કાર્યક્રમો યોજાશે અને ભક્તજનો મોટી સંખ્યામાં ધાર્મિક કાર્યનો લાભ લેશે. આ ઉપરાંત ભવનાથ જવાનાં રસ્તે આવલા વાઘેશ્વરી માતાજીનાં મંદિરે પણ સવારથી જ વિવિધ કાર્યક્રમો અને હવનનો કાર્યક્રમ યોજાશે. જયારે જૂનાગઢ શહેરમાં આવેલા આઈશ્રી ખોડીયાર માતાજીનાં મંદિર, ભગવતી રાંદલ માતાજીનાં મંદિર, આશાપુરા માતાજીનાં મંદિર, ચામુંડા માતાજીનાં મંદિર, ગાયત્રી માતાજીના મંદિર તેમજ મહાલક્ષ્મી માતાજીનાં મંદિર તેમજ મેલડી માતાજીનાં મંદિર, દશામાના મંદિર, બહુચર માતાજીના મંદિર તેમજ જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં આવેલા માતાજીનાં મંદિરોમાં અનેકવિધ કાર્યક્રમો યોજાઈ રહયા છે તેમજ આઠમનાં હવન સહિતના કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત ધાર્મિક સ્થાનો તેમજ વિવિધ ગરબી મંડળો દ્વારા પણ આઠમનાં હવનનાં કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત આઠમના દિવસે એટલે કે ઘણી જગ્યાએ અને ધાર્મિક સ્થાનો તેમજ માતાજીનાં મંદીરોમાં હવનના કાર્યક્રમો ઉપરાંત ઘણા સ્થળોએ ગરબી મંડળની બાળાઓ માટે પ્રસાદ, લ્હાણી વિતરણ સહિતના કાર્યક્રમોના પણ આયોજન કરવામાં આવેલ છે.

આમ, જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં શુક્રવારે આઠમના હવન સહિતનાં ઠેર ઠેર કાર્યક્રમો યોજાશે.

હિન્દુ ધર્મમાં નવરાત્રી તેમજ આઠમનું ખુબ જ મહત્વ રહેલું છે ત્યારે લોકો પોતાના ઘરે પણ માતાજીની આરાધના તેમજ આઠમના નૈવેધ ધરાવી માતાજીની વિશેષ પુજા કરશે. સૌરાષ્ટ્રભરમાં આવતીકાલે હવનાષ્ટમીની ભાવભેર ઉજવણી કરવામાં આવશે.

# ચેક રીટર્ન કેસોમાં રૂા.૨૮ લાખનો દંડ ચુકવવા તથા ૨ વર્ષની જેલની સજા ફરમાવતી કોર્ટ

જૂનાગઢ તા.૯

વિસાવદરની નામદાર કોર્ટે એક જ આરોપી વિરૂધ્ધના જુદા-જુદા બે ચેક રીટર્નના કેસોમાં આરોપીને બે વર્ષની જેલની સજા તથા કુલ રૂા.૨૮ લાખનો દંડ ચુકવવા તેમજ જો દંડની રકમ ન ભરે તો વધારાની ૬ મહિનાની જેલની સજા ફરમાવેલ છે.

આ બંને કેસોની વિગત એવી છેકે, જૂનાગઢનાં ગાંધીગ્રામમાં રહેતા રક્ષિતભાઈ કિર્તીભાઈ ભટ્ટનાઓએ વિસાવદર તાલુકાના લાલપુર ગામનાં રહીશ કમલેશભાઈ સવાભાઈ ભરાડ પાસેથી રૂા.પાંચ લાખ ઉછીના લીધેલ તે રકમ પરત ચુકવવા રક્ષિતભાઈએ જે ચેક આપેલ તે ચેક પાસ થયા વગર રીટર્ન થયેલ તેમજ આજ રક્ષિતભાઈ ભટ્ટનાઓએ વિસાવદર તાલુકાના લાલપુર ગામના કિશોરભાઈ હરીભાઈ દવે પાસેથી જે રૂા.૯ લાખ હાથ ઉછીના લીધેલ તે રકમ પરત ચુકવવા રક્ષિતભાઈએ જે ચેક આપેલો તે ચેક રીટર્ન થયેલ તેથી આ અંગે કિશોરભાઈ દવે તથા કમલેશભાઈ ભરાડ નાઓએ જૂનાગઢના યુવા ધારાશાસ્ત્રીશ્રી મનોજ એમ. દવે મારફત નામદાર વિસાવદર કોર્ટમાં બે ફરિયાદો રક્ષિતભાઈ ભટ્ટ વિરૂધ્ધ દાખલ કરેલ અને આ બંને ફરિયાદીની સુનાવણી બાદ વિસાવદરનાં નામદાર જયુ.મેજી. શ્રી સૌમિત્ર સુબોધભાઈ ત્રિવેદી દ્વારા આરોપી રક્ષિત ભટ્ટને આ બંને કેસોમાં કુલ રૂા.૨૮ લાખનો દંડ ફટકારી તથા આ બંને કેસોમાં બે વર્ષની જેલની સજા તેમજ દંડની રકમ આરોપી ન ભરે તો વધારાની છ માસની સજા ફટકારેલ છે.

# ૧૦૮ની અદભુત કામગીરી એમબ્યુલન્સમાં જ નોર્મલ પ્રસુતિ કરાવી

## ૪ દીકરી ઉપર દીકરાનો જન્મ, માતા અને બાળકનો જીવ બચાવ્યો



(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૯

રાત્રીના ૮ વાગ્યે ઉના તાલુકાના ભેભા ગામે રહેતા કુંવરબેન રમેશભાઈને પ્રસુતિની પીડા ઉપડતા ૧૦૮માં કોલ કર્યો હતો. આ કોલ મળતાની સાથે જ ડોળાસા ૧૦૮ની ટીમના ઈ.એમ.ટી. જગદીશ મકવાણા અને પાયલોટ શૈલેષભાઈ શિંગડ તાત્કાલિક ઘટનાસ્થળ ઉપર પહોંચીને ઈ.એમ.ટી. જગદીશભાઈ દ્વારા પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી પણ કુંવરબેન અસહ્ય દુઃખાવો હોવાથી તત્કાલીન અમદાવાદ ૧૦૮ સેન્ટર ખાતેના ડોક્ટર સાથે ફોનમાં માર્ગદર્શન લઈ અને એમબ્યુલન્સ જ નોર્મલ પ્રસુતિ કરાવી અને જરૂરી દવા આપવામાં આવી અને માતા અને બાળક નો જીવ બચાવ્યો હતો અને નજીકની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. દીકરાનો જન્મ થતા પરિવારમાં ખુશીની લહેર પ્રસરી ગઈ હતી અને પરિવારે ૧૦૮ના સ્ટાફનો આભાર માન્યો હતો.

# ઓખા-ભગત કી કોઠી વચ્ચે દોડશે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન : ટિકિટોનું બુકિંગ આજ ૯ ઓક્ટોબરથી



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૯

મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલ્વે ઓખા-ભગત કી કોઠી વચ્ચે વિશેષ ભાડા ઉપર સાપ્તાહિક ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ચલાવશે. આ સ્પેશિયલ ટ્રેનની વિગતો નીચે મુજબ છે. ટ્રેન નંબર ૦૪૮૦૬/૦૪૮૦૫ ઓખા-ભગત કી કોઠી સ્પેશિયલ (સાપ્તાહિક) 12 ટ્રિપ્સ ટ્રેન નંબર ૦૪૮૦૬ ઓખા-ભગત કી કોઠી સ્પેશિયલ ઓખાથી દર રવિવારે ૦૮.૨૦ કલાકે ઉપડશે, રાજકોટ તે જ દિવસે ૧૨.૫૦ કલાકે પહોંચશે અને ભગત કી કોઠી બીજા દિવસે ૩ કલાકે પહોંચશે. આ ટ્રેન ૧૩ ઓક્ટોબર, ૨૦૨૪ થી ૧૭ નવેમ્બર, ૨૦૨૪ સુધી ચાલશે. એ જ રીતે, ટ્રેન નંબર ૦૪૮૦૫ ભગત કી કોઠી-ઓખા સ્પેશિયલ ભગત કી કોઠીથી દર શનિવારે ૧૦:૩૦ કલાકે ઉપડશે, રાજકોટ તે જ દિવસે ૨૩:૦૦ કલાકે પહોંચશે અને ઓખા બીજા દિવસે ૦૪:૪૦ કલાકે પહોંચશે. આ ટ્રેન ૧૨ ઓક્ટોબર ૨૦૨૪ થી ૧૬ નવેમ્બર ૨૦૨૪ સુધી ચાલશે. આ ટ્રેન બંને દિશામાં દ્વારકા, ખંભાળિયા, જામનગર, હાપા, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાટણ, ભીલડી, ધાનેરા, રાણીવાડા, મારવાડ ભીનમાલ, મોડરાન, જાલોર, મોકલસર, સમદડી, દુંદાડા અને લુણી સ્ટેશને ઉભી રહેશે. આ ટ્રેનમાં AC ૨ ટાયર, AC ૩ ટાયર, AC ૩- ટાયર (ઈકોનોમી), સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ જનરલ ક્લાસના કોચ હશે. ટ્રેન નંબર ૦૪૮૦૬નું બુકિંગ ૯ ઓક્ટોબર, ૨૦૨૪થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ ઉપર ખુલશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને કમ્પોઝિશન સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

# દ્વારકાધીશ મંદિરના ભોગ ભંડાર(રસોઈઘર)નું કરોડો રૂપિયાના ખર્ચે થશે નવનિર્માણ : શારદાપીઠાધીશ્વર સદાનંદજી મહારાજ હસ્તે થયું ભૂમિપૂજન



(પ્રતિનિધી દ્વારા)

જૂનાગઢ તા.૯

દ્વારકાધીશ મંદિરના ભોગ ભંડારના નવનિર્માણ હેતુ દ્વારકા શારદાપીઠાધીશ્વર સદાનંદ સરસ્વતીજી મહારાજના હસ્તે ગઈકાલે સવારે ૧૧ કલાકે વૈદિક શાસ્ત્રોકત મંત્રોચ્ચાર સાથે પૂજારી પરિવારના મહેશ્વરભાઈ તથા નેતાજી પૂજારી, દિપકભાઈ પૂજારી અને ડાયાભાઈ પૂજારી સહિતના પૂજારીઓની ઉપસ્થિતિમાં ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શારદાપીઠના પ્રતિનિધિ બ્રહ્મચારી નારાયણાનંદજી મહારાજે પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ભૌગ ભંડારના નિર્માણ માટે રૂપિયા ૩ કરોડ આસપાસનું અનુદાન રીલાયન્સ દ્વારા પણ આપવામાં આવ્યું છે. દ્વારકાધીશ મંદિર પરિસર સંલગન આવેલ દ્વારકાધીશજી ભગવાનના ભોગ ભંડાર કે જયાં પૂજારી પરિવાર દ્વારા નિત્યક્રમના ચાર ભોગ ભક્તોને આપવામાં આવતો પ્રસાદ તથા કમાનુસાર થતાં છપ્પનભોગ, અન્નકૂટ ઉત્સવ, સુકામેવા મનોરથ, કુંડલા ભોગ, કુનવારા ભોગ વિગેરે ભોગનું નિર્માણ કરવામાં બનાવવામાં આવે છે તે બિલ્ડીંગ ખૂબ પુરાણો હોય લાંબા સમયથી જર્જરિત હાલમાં છે. દ્વારકાધીશ દેવસ્થાન સમિતિના પૂર્વ ઉપાધ્યક્ષ પરિમલભાઈ તેમજ વર્તમાન ઉપાધ્યક્ષ ધનરાજભાઈ નથવાણીના પ્રયાસોથી ઠાકોરજીના આ રસોઈઘર (ભોગ ભંડાર)ના નવનિર્માણ માટે રાજ્ય સરકાર અને વહીવટી તંત્ર સાથે તેમજ દેવસ્થાન સમિતિ સાથે સંકલન કરી અને હવે આ પ્રસાદથરનું પુનઃનિર્માણ થવા જઈ રહ્યું છે ત્યારે પૂજારી પરિવાર અને ભકતજનોમાં આનંદ અને હર્ષની હેલી જોવા મળી છે.

# પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ગ્રામ્ય વિસ્તારના હરિભક્તોને સમીપ દર્શન આપ્યા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

આઠમી ઓક્ટોબરે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે મંગળ પ્રભાતે પોતાની પ્રાતઃ પૂજા પૂજાનાં દર્શન સભા સ્થળે આપ્યા હતા. પોરબંદર, ધોરાજી, ઉપલેટા વગેરે ગ્રામ્ય વિસ્તારનાં દર્શનનો વારો હોવાથી તે વિસ્તારોના યુવકોએ મહંત સ્વામી મહારાજની પૂજા દરમ્યાન સુંદર કીર્તનો ગાયાં હતાં. બાળકોએ સત્સંગના બોધ વચનોનો મુખપાઠ રજૂ કર્યો હતો. સાયં કાર્યક્રમાં ગ્રામ્ય વિસ્તારમાં વિચરતા પૂજ્ય કલ્યાણમૂર્તિ સ્વામીના ધોરાજી, ઉપલેટા, માણાવદર, પોરબંદર વગેરે ગ્રામ્ય વિસ્તારોનાં બી.એ.પી.એસ સત્સંગ મંડળના પુરૂષ-મહિલા તમામ હરિભક્તો માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં સમીપ દર્શનનો લાભ રખાયો હતો. આશરે ત્રણ હજાર ઉપરાંત હરિભક્તો સમીપ દર્શન માટે ઉપસ્થિત હતા. સહુ બાઈ ભાઈ હરિ ભક્તો માર્કીના સભા મંડપથી માંડીને બી.એ.પી.એસ વિદ્યામંદિરના પથ તથા મંદિરના સંપૂર્ણ પથની કોરે દર્શનાર્થે બેસી ગયા હતા.પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પોતાની કાચની કેબિન યુક્ત ગોલ્ફ કાર્ટમાં બિરાજમાન થઈને માર્કીના સભા મંડપથી લઈ છેક મંદિરના મુખ્ય પરિસર સુધી સૌ હરિભક્તો ઉપર દ્રષ્ટિપાત કરતા સ્મિત વદને ધીરે ધીરે પસાર થયા હતા. સૌ ઉપર આશીર્વાદ વરસાવ્યા હતા. જૂનાગઢ શહેરના કેટલાક અગ્રણી મહાનુભાવો પણ દર્શને હાજર રહ્યા હતા. એક અદભુત દિવ્ય માહોલ પરમ પૂજ્ય મહંત સ્વામીનાં સાંનિધ્યમાં રચાઈ ગયો હતો.

# જૂનાગઢમાં જુગાર અખાડા પર પોલીસના દરોડા : ૩ મહિલા સહિત ૬ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢ શહેરમાં અશોક હોલ પાછળ આવેલ શ્રીનાથજી સોસાયટીમાં ચાલતા જુગારધામ પર સી ડીવીઝન પોલીસે દરોડો પાડતા ૩ મહિલા સહિત છ રૂા.૭૩૨૦ના મુદ્દામાલ સાથે ઝડપાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.


આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસે અશોક હોલ પાછળ આવેલ શ્રીનાથજી સોસાયટીમાં રહેતા ચંદુભાઈ માનસિંહભાઈ રાઠોડના મકાને દરોડો પાડતા મકાન માલીક બહારથી મહિલા-પુરૂષોને બોલાવી જુગાર અખાડો ચલાવતા ઝડપાયેલ. આ દરોડા દરમ્યાન મકાન માલીક સહિત નયન દિનેશ સોલંકી, જયેશ દામજી સોલંકી, કાંતાબેન સંજયભાઈ સોલંકી, પુષ્પાબેન પરબતભાઈ ગોરાણીયા, કોમલબેન જયેશભાઈ સોલંકીને જુગાર રમતા ૬૫૦૦ રૂા. રોકડ સહિત રૂા.૮૨૦ નાલના મળી કુલ ૭૩૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ જુગારધારા ૪, ૫ મુજબ કાર્યવાહી કરી છે.

## ભવનાથ સ્થિત આશાપુરા મઢ ખાતે માતાજીના હવનનું આયોજન

જૂનાગઢ તા.૯

જૂનાગઢ ભવનાથ સ્થિત આશાપુરા મઢ ખાતે શ્રી ગૌડ માળવીય બ્રાહ્મણ પુરોહિત પરીવાર જૂનાગઢ દ્વારા શ્રી રાજ રાજેશ્વરી આશાપુરા માતાજીના નવરાત્ર હવન આસો સુદ નોમ, શનિવાર તા.૧૨-૧૦-૨૪ના રોજ રાખવામાં આવેલ છે. જેનું બીડુ સાંજે ૪-૩૦ વાગ્યે હોમાશે. આ યજ્ઞ નારાયણના દર્શનનો લાભ લેવા સમસ્ત પુરોહિત પરીવાર, જ્ઞાતિજનો તેમજ આશાપુરા ભકત પરીવારને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# છઠ્ઠા નોરતે માં કાત્યાયનીનું પૂજન



આજે આસો શુદ છઠ્ઠને બુધવારે, છઠ્ઠા નોરતે માતાજી કાત્યાયનીનું પૂજન માતાજીનાં છઠ્ઠા સ્વરૂપનું નામ ભગવતી કાત્યાયની છે. મહર્ષિ કાત્યાયનને ત્યાં પુત્રી રૂપે જન્મ લીધેલો હોવાથી ભગવતી કાત્યાયનીના નામથી પ્રસિધ્ધ થયા છે. એક કથા પ્રમાણે માતાજીએ આસો વદ ચૌદશનાં દિવસે મહર્ષિનાં ઘરે જન્મ લઈ અને આસો શુદ સાતમ આઠમ નોમની પૂજા સ્વીકારી અને દશમનાં દિવસે માતાજીએ મહિષાસુરનો વધ કરેલો. માતાજી કાત્યાયની વ્રજ મંડળનાં અધિષ્ઠાત્રી દેવીનાં રૂપમાં પ્રસિધ્ધ છે. માતાજીનું સ્વરૂપ ભવ્ય છે. માતાજીનાં ચાર હાથમાં જમણા હાથમાં અભય વરદાન આપે છે. ડાબી બાજુનાં હાથમાં તલવાર અને કમળ છે. વાહન સિંહનું છે. માથા ઉપર સોનાનો મુકુટ છે. માતાજીની ઉપાસના છઠ્ઠા નોરતે કરવામાં આવે છે. માતાજીની ઉપાસનાથી ધર્મ, અર્થ, કામ, મોક્ષની પ્રાપ્તિ થાય છે. બીજ મંત્રઃ ૐ શ્રીં શ્રીં ત્રિનેત્રાયનમઃ, નૈવેધ : માતાજીને સાકરવાળા દુધનો પ્રસાદ અર્પણ કરવો અને મધ અર્પણ કરવાથી ધન ની પ્રાપ્તી થાય છે. જેના વિવાહ ન થતા હોય તો માં કાત્યાયનીનું પૂજન કરવું ફળદાયક રહેશે.

**- શાસ્ત્રી રાજદીપ જોશી(વેદાંત રત્ન)**


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **ઝુલ્ફીકારઅલી નુરઅલી કમાલાણી** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **ઝુલ્ફીકાર નુરઅલી કમાલાણી** રાખેલ છે. જે હવે પછી હું **ઝુલ્ફીકાર નુરઅલી કમાલાણી** નાં નામથી ઓળખાઈશ જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**ઝુલ્ફીકાર નુરઅલી કમાલાણી**

કરીમ નગર, સાંગોદરા, ગીર સોમનાથ-૩૬૨૧૫૦

### શ્રી કેશવ કો ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. જૂનાગઢના મુખ્યાલયે

# ડો.કેશવરાવ બલીરામ હેડગેવાર ભવનના ઉદઘાટન તથા પ.પૂ.ડો.હેડગેવારજીની પ્રતિમાના અનાવરણનો સમારોહ યોજાયો






જૂનાગઢ, તા.૯

શ્રી કેશવ કો ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. જૂનાગઢના મુખ્યાલય ડો.કેશવરાવ બલીરામ હેડગેવાર ભવનના ઉદઘાટન તથા પ.પૂ.ડો.હેડગેવારજીની પ્રતિમાના અનાવરણનો ભવ્ય સમારોહ તા.૬/૧૦/૨૦૨૪ને રવિવારે યોજવામાં આવ્યો હતો. જેમાં પ.પુ. .ડો.હેડગેવારજીની પ્રતિમાનું અનાવરણ તથા ઉદઘાટન રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘના અખીલ ભારતીય કાર્યકારણી સદસ્ય તેમજ પૂર્વ સર કાર્યવાહ માન. શ્રી સુરેશ (ભૈયાજી) જોષી વરદ હસા થયેલ. કાર્યકૂમની શરૂઆતમાં સોસાયટીના ચેરમેનશ્રી રમેશભાઈ સાવલીયાએ પધારેલા મહેમાનોનું શાબ્દીક સ્વાગત કરેલ અને સંસ્થાની ઉતરોતર પ્રગતી અંગે છણાવટ કરેલ ત્યાર બાદ મહાનુભાવોનુ સાલ, પુષ્પગુચ્છ તથા પુસ્તક થી સન્માન કરવામાં આવેલ ત્યારબાદ ઉપસ્થિત મહાનુભવોના વકતવ્યોમાં સોસાયટીના વાઈસ ચેરમેન નંદકિશોરભાઈ ગરાચએ સંસ્થાનો પરીચય આપેલ..

શ્રી કેશવ ક્રેડીટ સોસાયટીના સ્થાપક ગેરમેન અને માર્ગદર્શક વિનોદભાઈ બરોગીયાએ કેશવની સ્થાપના કાળથી અત્યાર સુધીની સંસ્થાની પ્રગતી અંગે પોતાના અનુભવ તથા વિચારો રજુ કર્યા.ઉપસ્થિત જુનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા અને ધોરાજી ઉપલેટાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયાએ કેશવની કામગીરીથી પ્રભાવિત થઈ પોતાનો ખુશી વ્યકત કરેલ તેમજ ગુજરાત હાઉસીંગ ફાઈનાસ બૉડના ચેરમેન અને જુનાગઢના જાણીતા ડોકટર ડી.પી.ચીખલીયાએ આર.એસ.એસના જૂના સંસ્મરણો વાગોળી અને કેશવ ક્રેડીટની વ્યકિત ઉત્કર્ષથી રાષ્ટ્રની પ્રવૃતી અંગેપોતાનો સંતોષ વ્યક્ત કરેલ, અને કેશવ ક્રેડીટના આ ભવ્ય ભવનને જોઈ પોતાની ખુશી વ્યક્ત કરેલ. ત્યારબાદ સહકાર ભારતીનાં રાષ્ટ્રીય સંગઠન મંત્રી શ્રી સંજયજી પાંગપોરજીએ પોતાના વિશેષ વક્તવ્યમાં કેશવ ક્રેડીટની પ્રવૃતિ જોઈ જણાવેલ કે મારા મત મુજબ માત્રને માત્ર રાષ્ટ્ હિત માટે કામ કરતી સંસ્થા હોય તોએ જુનાગઢની કેશવ ક્રેડીટ સોસાયટી છે. તેમજ સહકારીતા અંગે પોતાના વિચારો રજુ કરેલા. ત્યારબાદ સમગ્ર સમારોહના ઉદઘાટક માન. સુરેશજી(ભૈયાજી) જોષીએ કેશવ ક્રેડીટ ઉતરોતર પ્રગતી અને સામાજીક પ્રગતી જોઈ પોતાની ખુશી વ્યકત કરતા જણાવેલ કે વ્યકિત ઉત્કર્ષથી રાષ્ટ્ર ઉત્કર્ષ માટે વિવિધ સામાજીક પ્રવૃત્તિ કેશવ કેડીટ દ્વારા થઈ રહી છે એ આનંદની વાત છે. પોતાના વિશેષ વકતવ્યમાં તેઓશ્રી એ ડો. હેડગેવારજીના જીવન અને પોતાના વિચારો રજુ કરેલા ડો. સાહેબની વિચારધારા મુજબ રાષ્ટ્રના ઉત્થાન માટે જુનાગઢની કેશવ ક્રેડીટ સોસાયટી કામ કરી રહી છે એનો મને સવિશેષ આનંદ છે. તેઓશ્રી એ સંસ્થાના સ્થાપક ચેરમેન પ્રૌ.વિનોદભાઈ બરોચીયા તેમજ તેમની સમગ્ર ટીમને અભીનંદન પાઠવીયા હતા કાર્યક્રમના અંતે આભારવિધી સોસાયટીના એમ.ડી ચીમનભાઈ ડોબરીયાએ કરી હતી. ભવન ઉદઘાટન અનેપ્રતિમા અનાવરણના ભવ્ય સમારોહમાં કાંતીભાઈ પટેલ અધ્યક્ષ સહકાર ભારતી ગુજરાત તથા જીવનભાઈ ગોલે સંગઠન પ્રમુખ સહકાર ભારતી ગુજરાત તથા જીતુભાઈ વ્યાસ, પુર્વ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ સહકાર ભારતી તથા જીતેશભાઈ પનારા, સહ વિભાગ કાર્યવાહ રા.સ્વયં. સંઘ જુનાગઢ તથા જીમીભાઈ દક્ષીણી ચેરમેન રાજકોટ નાગરીક સહકારી બેંક તથા નલીનભાઈ વસા ઉપાધ્યક્ષ સહકાર ભારતી ગુજરાત પ્રદેશ, તથા બોર્ડ ઓફ ડીરેકટરશ્રીઓ શાખા વિકાસ સમીતી સભ્યો તથા આમંત્રીત મહેમાનો એ વિશેષ હાજરી આપી હતી. ઉપરોક્ત સમ્રગ કાર્યક્રમને સફળ બનાવવા કેશવ કેડીટના ચેરમેનશ્રી રમેશભાઈ સાવલીયા, વાઈસ ચેરમેનશ્રી નંદકિશોરભાઈ ગરાચ, વાઈસ ચેરમેનશ્રી નરેન્દ્રભાઈ ભુત, એમ.ડી. ચીમનભાઈ ડોબરીયા, જનરલ મેનેજર સમીરભાઈ જોષી તથા કર્મચારી મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ સમગ્ર કાર્યક્રમનુ સુચારુ તથા સફળ સંચાલન સોસાયટીના સી.ઈ.ઓ. પી.એસ. ગજેરા એ કરેલ હતું.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ખાતે મહિલા સ્વાસ્થ્ય સેમિનાર યોજાયો

**મહિલાઓના સ્વાસ્થ્યને સમજવું, પોષણ અને સુખાકારી ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા જાગૃતિ સંદેશ પહેલુ સુખ તે જાતે નર્યા – પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી**



જૂનાગઢ, તા.૯

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં અનુસ્નાતક ભવનોમાં વિદ્યાભ્યાસ કરી રહેલ છાત્રાઓ સાથે મહિલા સ્વાસ્થ જાગૃતિ સંદર્ભે જાગૃતી કેળવાય તે હેતુ આજે સુરત ખાતેથી વર્ષાબેન કુંભાણી અને તેમની ટીમ દ્વારા સંવાદ સધાયો હતો. કાર્યક્રમનાં પ્રારંભે કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગનાં આસી.પ્રોફેસર ડો. અનિતાબા ગોહીલે સેમિનારનાં મુખ્ય વક્તાઓનો પરિચય આપી જાણાવ્યુ હતુ કે મહિલાઓ સમાજમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે, ઘણીવાર એક સાથે બહુવિધ જવાબદારીઓનું સંચાલન કરે છે. ત્યારે મહિલાઓ તેમના સ્વાસ્થ્ય અને સુખાકારીને લગતા પડકારોનો સામનો કરે છે તે અંગે જાગૃતી લાવવી એ પણ જરૂરી છે.સ્ત્રીઓને ઘણીવાર મલ્ટિટાસ્કર તરીકે જોવામાં આવે છે, જે ઘરો, પરિવારો, સામાજિક જીવન, વ્યવસાયો, કાર્યસ્થળો અને વધુના સંચાલનમાં પારંગત હોવા છતાં ઘણીવાર તેમના પોતાના સ્વાસ્થ્યની અવગણના થતી જોવા મળે છે.પોષકતત્વોની ઉણપ, શારીરિક સ્વાસ્થ્ય, માનસિક આરોગ્યલક્ષી પડકારોને પહોંચી વળવા માટે વિવિધ ઉકેલો અને અભિગમો છે, ત્યારે આજનો સેમિનાર યુનિ.ની છાત્રાઓ માટે ઉપયોગી જાણકારી રૂપ બનશે.

ભક્તકવિ નરસીંહ મહેતા યુનિ.નાં મધ્યસ્થખંડમાં આયોજીત પરિસંવાદ કાર્યક્રમમાં ઉપસ્થિત યુનિ.નાં વિવિધ ભવનોમાં અભ્યાસરત છાત્રાઓને આરોગ્યલક્ષી જાણકારી આપતા કુંભાણી વર્ષાબેને જણાવ્યુ હતુ કે આજે આરોગ્ય બાબતે અજ્ઞાનતા કહો કે આરોગ્ય અંગે સ્વાસ્થ્ય જાગૃતિનો અભાવ પણ વૈશ્વિક રીતે દર સાત મીનીટે એક સ્ત્રી રોગગ્રસ્ત બનીને મૃત્યુ સમીપ પહોંચી રહી છે.સ્ત્રીઓના સ્વાસ્થ્ય માટે પ્રજનનક્ષમતાને અસર કરતા પરિબળોને સંબોધિત કરવા જરૂરી છે. સ્ત્રીઓનું આરોગ્ય એ એક જટિલ વિષય છે જે શારીરિક, માનસિક અને પ્રજનન આરોગ્ય સહિતના વિવિધ પાસાઓને આવરી લે છે.

યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ સેમિનારમાં ઉપસ્થિત બહેનોને સંદેશો પાઠવતા ઉલ્લેખિત કર્યુ હતુ કે આજના સ્પર્ધાત્મક વિશ્વમાં, મહિલાઓ દરેક ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી રહી છે, ઘણીવાર ઉચ્ચ શિક્ષણ અને મહત્વાકાંક્ષી કારકિર્દી તરફ આગળ વધી રહી છે. જો કે, આ અતિશય મહત્વાકાંક્ષા અને સ્પર્ધાનો તણાવ કેટલીકવાર તેમના સ્વાસ્થ્ય પર અસર કરી શકે છે.મહિલાઓના સ્વાસ્થ્યને સમજવુંઃ પોષણ અને સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરવા જાગૃતિ સંદેશ પહેલુ સુખ તે જાતે નર્યા ઉક્તિ સાર્થક બનાવવા આજનો સેમિનાર ઉપયોગી બનશે. સેમિનારનાં બીજા વક્તા અંકીતાબેન સરધારાએ જણાવ્યુ હતુ કે આધુનિક જીવનશૈલીના પરિબળો જેવા કે બેઠાડુ આદતો, બિનઆરોગ્યપ્રદ આહાર અને પર્યાવરણીય ઝેરના સંપર્કમાં આવવાથી અને અજાગૃતિથી ગાયનેક સંબંધી લેવાતા પગલા પણ સ્ત્રી વંધ્યત્વ કે પછી કેન્સર જેવી ઘાતક બીમારીમાં ફાળો આપી શકે છે. આ પરિબળો આંતરસ્ત્રાવીય સંતુલનને વિક્ષેપિત કરી શકે છે અને પ્રજનન સ્વાસ્થ્યને અસર કરી શકે છે.


સેમિનારનાં ત્રિજા વકતા તૃપ્તીબેન પટેલે જણાવ્યુ હતુ કે આરોગ્ય સમસ્યા અથવા સમસ્યાજનક વર્તણૂંકઅટકાવવા, અને જ્યારે તે ઉદભવે ત્યારે તેના પર પ્રતિભાવ આપવા પૂરક ક્રિયાઓ જરૂરી છે, જેથી તેમનો તંદુરસ્ત વિકાસ થઈ શકે. તેમની અસહાયતા ઘટાડવા તેમને દરમિયાનગીરીની જરૂર છે. જેમાં સમાવિષ્ટ છેઃ માહિતી અને કૌશલ્ય; સલામત અને ટેકારૂપ વાતાવરણ; યોગ્ય અને સુલભ આરોગ્ય અને પરામર્શક સેવાઓ અને હાયજેનીક સંશાધનોનો ઉપયોગ આવશ્યક છે. આજે નાની ઉંમરની મહિલાઓને આ એચ.પી.વી ચેપ લાગવાનું સૌથી વધુ જોખમ છે જે ભવિષ્યમાં સર્વિકલ કેન્સરમાં પરિણમી શકે છે. જોકે, દરેક સ્ત્રીને સર્વિકલ કેન્સર થવાનું જોખમ છે, તેના ઉંમરને અનુલક્ષી તેના માટે કન્યાઓનું રક્ષણ જેટલું વહેલું થાય તેટલું સારૂ છે. આ જાગૃતિ સેમિનારમાં અંગ્રેજી વિભાગનાં પ્રો. રૂપાબેન ડાંગર, દ્રષ્ટીબેન રુપારેલીયા અને યુનિ.નાં મહિલા કર્મીઓ પણ સહભાગી બની આરોગ્ય જાણકારી મેળવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મનિષાબેન કડેગીયાએ સંભાળ્યુ હતુ.

# જૂનાગઢની શ્રીમતી આર. એસ. કાલરિયા સ્કુલનાં અંગ્રેજી માધ્યમનાં બાળકો ઈન્ટરનેશનલ ઓલિમ્પિયાડમાં ઝળકયા



SOF (IEO)







જૂનાગઢ, તા.૯

જૂનાગઢ સ્થિત પટેલ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર. એસ. કાલરિયા પ્રાયમરી સ્કુલનાં અંગ્રેજી માધ્યમનાં ધોરણ - ૧ થી ૮ નાં કુલ ૧૦૫ બાળકોએ આઈઈઓ (ઈન્ટરનેશનલ અંગ્રેજી ઓલિમ્પિયાડ) ની સ્પર્ધામાં ગત તા. ૨૬મી સપ્ટેમબર, ૨૦૨૩ નાં રોજ ભાગ લીધેલ જેમાં ૨૪ વિદ્યાર્થીઓએ ગોલ્ડ મેડલ ઓફ એકસેલન્સ મેળવ્યા. તેઓની આ સિધ્ધી બદલ સંસ્થાનાં કેમ્પસ ડાયરેકટર ડો. દિનેશભાઈ ડઢાણીયા, એકેડેમીક ડેપ્યુટી ડાયરેકટર નિરજભાઈ વાછાણી, પ્રિન્સીપાલશ્રી આસ્થાબેન નાવાણી તેમજ શાળાનાં અંગ્રેજી વિષયનાં વરિષ્ઠ શિક્ષકો દ્વારા સન્માનીત કરવામાં આવેલ.

સંસ્થાનાં પ્રમુખ CA. સવજીભાઈ મેનપરા, વાઈસ મેનેજીંગ ટ્રસ્ટીશ્રી રતિભાઈ મારડીયા, મંત્રી શિરિષભાઈ સાપરીયા, કિશોરભાઈ મેંદપરા, એકેડેમીક ઈન્ચાર્જ ડો. પી. આર. ગોધાણી, તેમજ સંસ્થાનાં તમામ હોદેદારો તેમજ સમગ્ર સ્ટાફે વિદ્યાર્થીઓએ મેળવેલ સિધ્ધી બદલ તેઓને બિરદાવેલ તેમજ ઉજજવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવેલ હતી.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિનાં પીએચ.ડી.નાં છાત્રો માટે સંશોધન સલાહકાર સમીતિ છત્રારંભ





જૂનાગઢ, તા.૯ : ભક્તકવિ નરસિંહ મહેતા યુનિની વિવિધ ફેકલ્ટીમાં પીએચ.ડીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આરએસી યોજાઈ છે. અત્રે ઉલ્લેખનિય છે કે શોધકર્તા વિદ્યાર્થીઓને પ્રેરણાપાથેય બની રહે અને સમયમર્યાદમાં શોધક્ષેત્રનાં આયામો પર સંશોધનો કરી શકાય એ હેતુ સંશોધન સલાહકાર સમિતીનો તા. ૭ થી ૧૦ સુધી છત્ર ચાલશે જેમાં વ્યાયમ, સાયકોલોજી, અંગ્રેજી, જૈવ વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, ભૌતિક વિજ્ઞાન, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી ઈત્યાદી વિષયોમાં શોધકર્તા છાત્રોને રીચર્સ એડવાઈઝરી કમિટી દ્વારા તેમનાં શોધપત્રો અંગે જાણકારી મેળવી યોગ્ય માર્ગદર્શિત કરાયા હતા. આ અંગે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો. ચેતન ત્રિવેદીનાં માર્ગદર્શન તળે રિચર્સ એડવાઈઝરી સમિતીનાં અધ્યક્ષ અને સદસ્યોએ શોધકર્તા છાત્રો પાસેથી વિગતો મેળવી જાણકારી આપી હતી.

# ક્રિષ્ના બોર્ડીંગ સ્કુલ મેનેજડ બાય પ્રયાગ વિદ્યા સંકુલ જુનાગઢ દ્વારા નવરાત્રિ મહોત્સવની શાનદાર ઉજવણી



જૂનાગઢ, તા.૯

શાળાના વિદ્યાર્થી ભાઈ/બહેનો દ્વારા તા. ૮-૧૦-૨૦૨૪ના રોજ શાળાના મેદાનમાં કાર્યક્રમમાં ઉપસ્થિત સંસ્થાના પ્રમુખ જે.વી.બુટાણી, ટ્રસ્ટી હરેશભાઈ પરસાણા, વઘાસીયા, અજુડીયા, હુંમર, ડોબરીયા, બામરોલીયા, કિશન, એવનસર અને તમામ સ્ટાફની ઉપસ્થિતિમાં નવરાત્રિ મહોત્સવનુ સુંદર આયોજન કરવામાં આવ્યું. રાસોત્સવમાં વેલડ્રેસ અને વેલ પરફોર્મન્સનુ ત્રણ ગ્રુપમાં સ્પર્ધા રાખવામાં આવેલ. નિર્ણાયક તરીકે પલકસર, બામરોલીયા, અને એકતામેડમ તમામે નિષ્પક્ષ તરીકે ઉમદા કામગીરી બજાવી. માઈક ઓપરેટીંગની સુંદર કામગીરી રવિ હપાણીઅને ગામીસર દ્વારા કરવામાં આવેલ. એક્કરીંગની સુંદર કામગીરી ચંદ્રેશસર કરવામાં આવી જેમાં ગ્રુપ-૧ ''વેલડ્રેસ'' માં પ્રથમઃ- બુટાણી મિશા, દ્રિતિયઃ- સિધ્ધપરા કાવ્ય, તૃતિયઃ- ડાકી ક્રિતિક. ગ્રુપ -૨ ''વેલડ્રેસ'' માં પ્રથમઃ- માવદિયા પિહુ, ''વેલ પરફોર્મન્સ'' પ્રથમ :- ચૌહાણ ચાર્મી., ગ્રુપ -૩ ''વેલડ્રેસ'' માં પ્રથમઃ- ચાવડા ખુશાલી, ''વેલ પરફોર્મન્સ'' પ્રથમ : દવે દક્ષ. નવરાત્રિ ભારતીય પ્રાચીન સંસ્કૃતિમાં માતાજીના નવ દિવસ નવ સ્વરૂપનું આરતી પુજન કરવામાં આવે છે. મહિષાસુરનો વધ એટલે સમાજમાં રહેલી જાતિવાદ ધર્મવાદ, પ્રાંતવાદ, રાગ દ્રેષ જેવા અસુરરૂપી દુર્ગુણો દુર થાય. અને કોમી એખલાસનુ નિર્માણ થાય એજ નવરાત્રિ મહોત્સવ આ અંગેનું સુંદર પ્રવચન પ્રમુખશ્રી જે.વી.બુટાણી, વઘાસીયાસર અજુડીયાસર, અને હુંમરસર દ્વારા આપવામાં આવેલ. કાર્યક્રમનું સુંદર આયોજન શાળાના તમામ સ્ટાફના સહકારથી કરવામાં આવેલ હતો.

# ઉના કુલબાવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નેત્ર નિદાન કેમ્પ યોજાયો

(નિરવ ગઢીયા દ્વારા)




ઉના, તા.૯

કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ દેલવાડા- ઉના દ્વારા અને રણછોડદાસજી હોસ્પિટલ રાજકોટના સહયોગથી દેલવાડા ગામમાં નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલું હતું જેમાં ૧૧૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો જેમાં દર્દીઓને નિઃશુલ્ક દવાઓ અને આખના ટીપાં અને ચશ્માંનું વિતરણ પણ કરાયું હતું તેમજ આર્થિક નબળી સ્થિતિ ના દર્દી ને નિઃશુલ્ક ઓપરેશન ની પણ સુવિધા અપાઈ હતી. આ નેત્ર નિદાન કેમ્પમાં નિષ્ણાંત ડોકટરો દ્વારા આંખના મોતિયાના ઓપરેશનની જરૂરિયાત હોય તેવા દર્દીઓને રણછોડદાસજી હોસ્પિટલ રાજકોટ ખાતે દેલવાડાથી વિનામૂલ્યે લઈ જવામાં આવ્યા. કેમ્પમાં ૧૧૦ દર્દીઓએ લાભ લીધો હતો જેમાંથી ૨૨ જેટલા મોતિયાના ઓપરેશન માટે દર્દીઓને રણછોડદાસજી હોસ્પિટલ ની એમ્બ્યુલન્સ માં નિઃશુલ્ક લઈ જવામાં આવ્યા હતા.આ કેમ્પમાં રાજકોટના ડોક્ટરો દ્વારા વૃદ્ધાશ્રમની અંદર વૃદ્ધ લોકોની પણ આંખોની તપાસ કરવામાં આવી હતી. દર્દીઓને જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. ટ્રસ્ટના પ્રમુખ એચ આઈ કુબાવત દ્વારા એવું જણાવવામાં આવેલ હતું કે, આવનારા સમયમાં પણ ટ્રસ્ટ દ્વારા આરોગ્ય લક્ષી સેવાઓ કરવામાં આવશે.તેમજ ગીર જંગલ બોર્ડરના ગામોમાં પણ લોકોના આરોગ્ય લક્ષી સર્વરોગ નિદાન કેમ્પ કરવામાં આવશે. કુબાવત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા માનવ સેવાએ જ પ્રભુ સેવા તે કહેવતને સાર્થક કરી બતાવી હતી.

# ખંભાળિયામાં શૌચાલય માટે લાંચ લેતા ઝડપાયેલા તલાટીને ચાર વર્ષની કેદ

(પ્રતિનિધિ દ્વાર)


જામ ખંભાળિયા, તા. ૯

ખંભાળિયા તાલુકાના કજૂરડા ગામે રહેતા ખેરાજભાઈ જેસાભાઈ ગોરડીયા નામના આસામીને વર્ષ ૨૦૧૬ ની સાલમાં સરકારના સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત શૌચાલય બનાવવા માટે જરૂરી ફોર્મ મેળવ્યા બાદ આ ફોર્મની પૂર્તતા કરવા તેમજ સભ્ય સચિવ તરીકે સહી કરી આપવા માટે કજૂરડા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી ભીખુભા બાલુભા જાડેજા સમક્ષ જતા તેમણે રૂપિયા ૨,૫૦૦ ની લાંચની માંગણી કરી હતી. જેને અનુલક્ષીને ફરિયાદીએ એન્ટી કરપ્શન બ્યુરોનો સંપર્ક કર્યો હતો.

આથી જે-તે સમયે એ.સી.બી. પી.આઈ. હિમાંશુ દોશીએ અહીં લાંચનું છટકું ગોઠવીને આરોપીને લાંચની રકમ સ્વીકારતા ઝડપી લીધા હતા. આ અંગેનો કેસ ખંભાળિયાની પ્રિન્સિપાલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ કમલેશભાઈ સી. દવેની દલીલોને ગ્રાહ્ય રાખી, સેશન્સ જજ શ્રી એસ.વી. વ્યાસએ ઉપરોક્ત કેસને પુરવાર માનીને આરોપી ભીખુભા બાલુભા જાડેજાને ચાર વર્ષની કેદની સજા તથા રૂપિયા ૫,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લાના ઓખાથી બેટ દ્વારકાને જોડતો સુદર્શન સેતુ રોશનીથી ઝળહળી ઉઠ્યો

(પ્રતિનિધિ દ્વારા)



દ્વારકા, તા.૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અત્યાર સુધીની ૨૩ વર્ષની સંકલ્પ સિદ્ધિની ગાથા જનજનમાં ઉજાગર કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરમાં તા.૧૫ ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણીનો કરવામાં આવશે. આ વર્ષે વિકાસ સપ્તાહ દરમ્યાન વધુને વધુ નાગરિકો સહભાગી થાય તેવા હેતુ સાથે વહીવટી તંત્રના સંકલનમાં રહીને વિવિધલક્ષી કાર્યક્રમો રાજયભરમાં યોજાશે. જે અંતર્ગત રાજયના વિવિધ મહત્વપૂર્ણ સ્થળોનું સુશોભન અને લાઈટીંગ કરવામાં આવ્યું છે. વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલો ઓખાથી બેટ દ્વારકાને જોડતો સુદર્શન સેતુ રંગબેરંગી રોશનીથી ઝળહળી ઉઠ્યો છે. મનમોહક લાગતી રોશનીનો આ નયનરમ્ય નજારો જોઈ પ્રવાસીઓ, શહેરીજનો અભિભૂત થયા છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ચોમાસાની વિદાય અને જળવાયુ પરિવર્તન

છેલ્લા કેટલાક વર્ષથી આ વર્ષે પણ દેશમાંથી ચોમાસાની વિદાય નક્કી સમય કરતાં એકાદ અઠવાડિયું મોડી થઈ, જે સ્પષ્ટ રૂપે જળવાયુ પરિવર્તનની અસર વિશે જણાવે છે. હવામાન વિજ્ઞાન વિભાગ અનુસાર લાંબા સમયથી ચોમાસું ૧૭ સપ્ટેમ્બરની આસપાસ વિદાય થતું રહ્યું છે, પરંતુ ૨૦૧૭થી ચોમાસું સપ્ટેમ્બરના અંતમાં વિદાય થઈ રહ્યું છે. વચ્ચે બે વર્ષ એટલે કે ૨૦૧૯ અને ૨૦૨૧માં તો તેણે ઓક્ટોબરમાં વિદાય લીધી હતી. એટલું જ નહીં, ચોમાસું નક્કી સમય કરતાં થોડું પહેલાં પણ આવી જાય છે, આખા દેશને પલાળવામાં તે પહેલાં કરતાં ઓછો સમય લઈ રહ્યું છે અને સરેરાશ વરસાદ પણ પહેલાંની તુલનામાં વધારે થઈ રહ્યો છે. એક તરફ ચોમાસું મોડું વિદાય લે છે જેનાથી ઠંડી પણ વધુ પડવાની આશંકા સ્વાભાવિક છે, બીજી તરફ પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ સહિત કેટલાક બીજા વિસ્તારોમાં હાલમાં જ ભીષણ ગરમીને કારણે પર્યટકો અને સામાન્ય લોકોનું ઘરની બહાર નીકળવું મુશ્કેલ થઈ ગયું. ચોમાસાની અતિવૃષ્ટિથી આ વર્ષે પણ દેશના અલગ-અલગ વિસ્તારોમાં પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓ થઈ છે. ગત ૩૦ જુલાઈએ કેરળના વાયનાડમાં થયેલ ભૂસ્ખલનમાં લગભગ ૪૦૦ લોકો માર્યા ગયા હતા અને ૧૫૦ લોકો લાપતા હતા. એ જ રીતે સતત ૭૨ કલાકથી પણ વધુના મૂશળધાર વરસાદને કારણે પાછલા મહિને ત્રિપુરામાં આવેલા પૂરથી, જેને ૧૯૮૩ બાદ રાજ્યમાં આવેલ સૌથી ભીષણ પૂર ગણાવાયું, લગભગ ૧૭ લાખ લોકો પ્રભાવિત થયા હતા. અસમ અને ગુજરાતમાં આવેલ પૂરથી પણ જાનમાલની તબાહી થઈ. અસમ જેવા રાજ્ય તો લગભગ દર વર્ષે પૂરનો સામનો કરે છે, પરંતુ અતિવૃષ્ટિથી દેશના શહેરી વિસ્તારોમાં પાણી ભરેલા અંડરપાસમાંથી પસાર થતા મોતની ઘટનાઓ શહેરી નિયોજન સાથે જોડાયેલ નવા પડકારો વિશે જણાવે છે. ગત દિવસોમાં અતિવૃષ્ટિ અને પૂરથી દેશમાં જેવી તબાહી થઈ, વર્ષના પૂર્વાર્ધમાં ભારે ગરમી અને લૂને કારણે એટલું જ નુકસાન થયું હતું.

હીટવોચ અને વેટિડમ ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા જારી કરવામાં આવેલ રિપોર્ટ અનુસાર ગત માર્ચથી જૂન સુધી હીટ સ્ટ્રોકના દેશભરમાં ૪૦ હજારથી વધુ કેસો સામે આવ્યા હતા અને હીટવેવથી ૭૩૩ લોકો માર્યા ગયા હતા. હીટવેવથી થયેલ મોતોમાં ઉત્તર પ્રદેશ, દિલ્હી અને પછી ઓડિશાનો નંબર હતો. એટલું જ નહીં, આ વર્ષે ઉનાળામાં દેશના ૧૫૦ મુખ્ય જળાશયોમાં પાણીનું સ્તર પાછળા વર્ષના મુકાબલે ૨૩ થી ૭૭ ટકા સુધી ઓછું હતું. ભારતીય કૃષિ અનુસંધાન પરિષદના હવાલાથી રિપોર્ટમાં જણાવાયું છે કે તાપમાનમાં એક ડિગ્રીનો વધારો થવાથી ઘઉંની પેદાશમાં ત્રણથી ચાર ટકાનો ઘટાડો આવી શકે છે. માત્ર ભારત જ નહીં, આખા દક્ષિણ એશિયા, આફ્રિકા, યુરોપ અને અમેરિકાએ પણ ગત દિવસોમાં અતિવૃષ્ટિ, પૂર અને તોફાનોનો સામનો કર્યો. ગયા મહિને બાંગ્લાદેશમાં આવેલા પૂરથી લગભગ બે કરોડ લોકો પ્રભાવિત થયા હતા. જ્યારે જુલાઈમાંપાકિસ્તાનમાં આવેલા પૂરમાં લગભગ ૨૫૦ લોકો માર્યા ગયા હતા અને ભારે તબાહી મચી હતી. મ્યાંમારમાં હાલમાં જ આવેલ તોફાન યાગીથી લગભગ ૨૫૦ લોકો માર્યા ગયા અને સોથી વધુ લોકો લાપતા થયા. લગભગ ૩૭૫ સ્કૂલો અને ૫૫૦૦૦ ઘરો ધ્વસ્ત થયાં છે. જ્યારે ઉત્તરના પહાડી વિસ્તારોમાં તોફાનથી સર્વાધિક તબાહી થઈ છે. એએફપી અનુસાર, લગભગ સવા ત્રણ લાખ લોકોને અસ્થાયી રાહત શિબિરોમાં રાખવામાં આવ્યા અને આખા મ્યાંમારમાં ૨૦૦થી વધુ રાહત શિબિરો ખોલાઈ. પર્યાવરણવિદ યાગીને આ વર્ષે એશિયાનું સૌથી ભીષણ તોફાન ગણાવી રહ્યા છે. આ તોફાનથી વિયેતનામ, લાઓસ અને ફિલિપાઈન્સ જેવા દેશ પણ પ્રભાવિત થયા છે. વિયેતનામમાં લગભગ ૨૦૦ લોકો તોફાનમાં માર્યા ગયા અને ત્યાં વૈશ્વિક એજન્સીઓ મદદ પહોંચાડી રહી છે. યુનિસેફનું કહેવું છે કે મૂશળધાર વરસાદ અને પૂરથી દક્ષિણ એશિયાના ૬૦ લાખથી વધુ બાળકો પર અસ્તિત્વનો ખતરો છે. ચીનના શાંઘાઈમાં પણ ગત દિવસોમાં ભૂષણ તોફાન બેબિનકાને કારણે ભારે તબાહી થઈ.

પશ્ચિમ અને મધ્ય આફ્રિકામાં મૂશળધાર વરસાદથી આવેલ પૂરથી ૧૦૦૦થી વધુ લોકો માર્યા ગયા અને હજારો ઘર બરબાદ થઈ ગયા. પૂરથી ૪૦ લાખ લોકો પ્રભાવિત થયા છે, જ્યારે લગભગ ૧૦ લાખ લોકોને ઘર છોડીને ભાગવું પડ્યું. એકલા નાઈજીરિયામાં મૃતકોનો આંકડો ૨૦૦થી વધુ જણાવવામાં આવ્યો. દેખીતું છે પૂરનું પાણી ઉતર્યા બાદ ત્યાં મહામારી ફેલાવાના પણ અણસાર છે. નાઈજરમાં ૨૫૦થી વધુ લોકો, તો ચાડમાં લગભગ ૫૦૦ લોકો માર્યા ગયા હોવાનું કહેવાય છે. દક્ષિણી નાઈજરના જિંદર શહેરમાં ગત દિવસોમાં ભારે વરસાદથી ૧૮૧૦માં બનેલી એક ઐતિહાસિક મસ્જિદ તૂટી ગઈ. ૧૯૬૦ બાદના સૌથી ભીષણ પૂરનો સામનો કરી રહેલા માલીમાં મૃતકોની સંખ્યા અપેક્ષાકૃત ઓછી છે. ગૃહયુદ્ધ, ગરીબી અને વિસ્થાપનથી ત્રસ્ત આફ્રિકી લોકો માટે પૂર નવું સંકટ બનીને આવ્યું છે. વર્લ્ડ મેટ્રોલોજિકલ ઓર્ગેનાઈઝેશન અનુસાર ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં આફ્રિકાની હિસ્સેદારી ભલે ઓછી હોય, પરંતુ આફ્રિકાના લોકો જળવાયુ પરિવર્તનના ભીષણ પરિણામો ભોગવી રહ્યા છે. જોકે પર્યાવરણવિદોનું કહેવું છે કે નદીઓના મુખ પર કરવામાં આવેલ નિર્માણોનું નુકસાન આફ્રિકા પણ ભોગવી રહ્યું છે.

અમેરિકાના નોર્થ કેરોલિનામાં અતિવૃષ્ટિથી હાલમાં ઈમરજન્સી જેવી હાલત બની, તો મધ્ય યુરોપ પણ અતિવૃષ્ટિથી તબાહ થયું. રોમાનિયામાં મૂશળધાર વરસાદ અને પૂરથી હજારો ઘર બરબાદ થઈ ગયાં છે, જ્યારે ચેક રિપબ્લિકમાં વીજળીના સંકટનો સામનો કરવો પડ્યો. પોલેન્ડ, સ્લોવેકિયા, હંગેરી, જર્મની અને ઓસ્ટ્રેલિયા પણ પૂરનો સામનો કરી રહ્યા છે. પર્યાવરણવિદોનું કહેવું છે કે જળવાયુ પરિવર્તનને કારણે આવનાર દિવસોમાં તોફાન આવવાની ઘટનાઓ વધવાના અણસાર છે. તેમનું એ પણ કહેવું છે કે યાગી જેવાં તોફાન જળવાયુ પરિવર્તનને કારણે જ મારક સ્વરૂપ લે છે, કારણ કે સમુદ્રનું ગરમ થતું જળસ્તર વધુ તાકાતવર હવાઓ અને ભીષણ વરસાદનું કારણ બની રહ્યું છે. હવે દર વર્ષે લૂના વધતા થપેડા અને ચોમાસામાં અતિવૃષ્ટિ જળવાયુ પરિવર્તનના પ્રત્યક્ષ ઉદાહરણ રૂપે આપણી સામે છે. દેખીતંન છે કે ભારત સહિત આખી દુનિયાએ તેનો સામનો કરવા માટે ગંભીરતાથી પગલાં ભરવાં પડશે.

# જૂનાગઢના ઝાંઝરડા રોડની શ્રી વૈભવ લક્ષ્મી ગરબી મંડળ ખાતે પ્રાચીન ગરબીનું સુંદર આયોજન



### ૧૯૦ દીકરીઓ પ્રાચીન રાસ રમીને માતાજીની આરાધના કરે છે

જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢના ઝાંઝરડા રોડ ઉપર આવેલ શ્રી વૈભવ લક્ષ્મી મંદિર ખાતે પરંપરાગત રીતે આ વર્ષે પણ પ્રાચીન ગરબીનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. અનેક વર્ષોથી સતત વૈભવ લક્ષ્મી માતાજીના સાનિધ્યમાં લતાવાસીઓ દ્વારા આ ગરીબીનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે કુલ ૧૯૦ દીકરીઓએ આગળ ગરબી માં ભાગ લીધો છે અને દરરોજ રાત્રે જગદંબા સ્વરૂપા તમામ દીકરીઓ ચાચર ચોકમાં રાસ રમીને માતાજીની આરાધના કરે છે. આ બાબતે આયોજન મંડળે જણાવ્યું હતું કે હાલ અર્વાચીન દાંડિયા રાસની દેખાદેખીએ માજા મુકી છે. ત્યારે પ્રાચીન રાસની આપણી પરંપરાને જીવંત જ રાખવા માટે અમારો પ્રયાસ કાયમ રહેશે અને પ્રાચીન ગરબીની પરંપરા વિશરાય નહિ તે માટે અમારા દ્વારા લોકજાગૃતિની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

# માર્ગ ક્ષેત્રમાં અસાધારણ કામગીરી માટે નાણાકીય સહાય અને માર્ગ સલામતીના ક્ષેત્રમાં કરવામાં આવેલ ઉત્કૃષ્ટ કાર્ય માટે પુરૂસ્કૃત યોજના શરૂ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૮

ભારત સરકારના માર્ગ પરિવહન અને ધોરી માર્ગ મંત્રાલય, ન્યુદિલ્હી દ્વારા માર્ગ ક્ષેત્રમાં અસાધારણ કામગીરી માટે નાણાકીય સહાય અને માર્ગ સલામતીના ક્ષેત્રમાં કરવામાં આવેલ ઉત્કૃષ્ટ કાર્ય માટે પુરુસ્કૃત કરવા માટે Scheme of Financial assistance fro Administrating Road Safety advocacy and awards fro the Outstanding wrok done in the field of Road Safety નામની યોજના શરૂ કરેલ છે.

જે પરત્વે માર્ગ સલામતી ક્ષેત્રે રસ ધરાવતી સંસ્થાએ તેમની અરજી ઓનલાઈન વેબસાઈટ https://rsa.mroth.gov.in ઉપર મોકલવાની રહેશે. ઉક્ત વેબસાઈટ ઉપરના પોર્ટલ ઉપર અરજી સ્વીકારવાની તા.૨૨-૧૦અ૨૦૨૪ સુધી રાખવામાં આવેલ છે. આ યોજના બાબતે વધુ માહિતી ભારત સરકારના માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયની વેબસાઈટ https://rsa.mroth.gov.in ઉપર ઉપલબ્ધ છે.

# દ્વારકાના ધ્રેવાડ ગામે આવેલું પૌરાણિક મહાકાળી મંદિર નવરાત્રિમાં માતાજીની વિશેષ પૂજા અર્ચના

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૯

દ્વારકાના ધ્રેવાડ ગામે મહાકાળી માતાજીનું પૌરાણિક અને ચમત્કારિક મંદિર આવેલું છે. સ્થાનીકોની આસ્થાનું પ્રતિક સમા આ પૌરાણિક મંદિરે દર વર્ષે હજારો ભાવિકો મહાકાળીના દર્શનાર્થે આવે છે. ખાસ કરીને નવરાત્રિ દરમ્યાન માતાજીના મંદિરે મોટી સંખ્યામાં ભાવિકો દર્શનાર્થે પધારે છે. માતાજીના મંદિરે આવેલી અખંડ જયોતમાં આવનારા દરેક ભાવિકો ઘી હોમે છે. રબારી સમુદાયનો વિશાળ વર્ગ મહાકાળી મંદિરમાં વિશેષ આસ્થા ધરાવતો હોય દર વર્ષે હજારો ભાવિકો દર્શનાર્થે આવે છે. દ્વારકાના ગુગળી બ્રાહમણો દ્વારા નવરાત્રિ દરમ્યાન દરરોજ માતાજીનો અલગ અલગ વિશેષ શૃંગાર યોજી લાડ લડાવવામાં આવે છે. ગરમીની ઋતુમાં પુષ્પશૃંગાર સાથે વિવિધ પ્રકારના શૃંગાર મનોરથો યોજવામાં આવે છે. ભારતીય પુરાતત્ત્વ વિભાગ દ્વારા પણ છેલ્લાં વર્ષોમાં આ મંદિર પરિસરમાં યાત્રાળુઓ માટે ગાર્ડન, લોન તેમજ બેઠક વ્યવસ્થા સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

# દ્વારકા નગરપાલીકા દ્વારા ધારાસભ્ય પબુભા માણેકના હસ્તે ૧૦.૪૫ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૯



દ્વારકા નગરપાલીકા દ્વારા સ્વામિનારાયણ મંદિર પાછળના ગ્રાઉન્ડ ખાતે ધારાસભ્ય પબુભા માણેક હસ્તે ૧૦.૪૫ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ સાથે પબુભા હસ્તે ૨.૪૫ કરોડના ખર્ચે શેલ્ટર હોમ (આશ્રય સ્થાન)નું ખાતમૂહૂર્ત પણ કરવામાં આવ્યું હતું. વિવિધ યોજનાઓ અંતર્ગત ફાળવાયેલ ગ્રાન્ટોમાંથી લોકાર્પણ કરાયેલાં કામોમાં ૮.૧૩ કરોડના ખર્ચે સીસી રોડનું નિર્માણ કાર્યનો સમાવેશ થાય છે. આ સાથે પબુભા હસ્તે ૨૪૫.૨૨ લાખના ખર્ચે ઘર વિહોણા લોકો માટે આશ્રય સ્થાન (શેલ્ટર હોમ)નું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરપાલીકાના ચીફ ઓફીસર ઉદય આર. નસીત તેમજ પાલીકાના વહીવટવદાર જીનેશ એન. મહેતા, શહેર ભાજપ પ્રમુખ વિજય બુજડ, પાલીકાના પુર્વ પ્રમુખ જયોતિબેન ગામાણી સહિત નગરપાલીકાનો સ્ટાફ તથા સ્થાનીકો ઉપસ્થિત રહ્યા હતા.

# દ્વારકા નજીક બરડિયા સ્થિત ચંદ્રભાગા મંદિરે નવરાત્રિમાં માં ભગવતીની વિશેષ મહાપૂજા





## મહાભારત કાળના મંદિરમાં માં ભગવતીની આરાધના બાદ જામ્બુવતીજી ભગવાનના પટ્ટરાણી બન્યા

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૯

દ્વારકા નજીક બરડીયાસ્થિત ભગવતી ચંદ્રભાગા માતાજીનું પૌરાણિક મહાભારતકાલીન મંદિર આવેલું છે. આ પૌરાણિક મંદિરનો ઈતિહાસ અનુસાર ભગવતી ચંદ્રભાગા માતાજીનું આ મંદિર અનાદિકાળથી ભગવાન શ્રીકૃષ્ણ દ્વારકામાં રાજ કરતા હતા તે સમયથી વિદ્યમાન છે. આ મંદિર ખૂબ ગાઢ જંગલમાં હતું અને એક ટેકરા ઉપર માતાજી બિરાજતાં હતા. શ્રીમદ્ ભાગવતની કથા અનુસાર જયારે ભગવાન દ્વારકાધીશ સિમાંતક મણી માટે જાંબુવન્ત પાસે ગયા ત્યારે ભગવાન અને જામ્બુવન્તનું તુમુલ યુધ્ધ થયું ત્યારે યાદવોએ માન્યું કે ભગવાન ખૂબ મુશ્કેલીમાં છે ત્યારે ઋષિઓએ વસુદેવજીને કહ્યું કે તમે માં ભગવતીની આરાધના કરો એ સમયે આ મંદિરમાં વસુદેવજી અને સમસ્ત યાદવોએ મળી ભગવતી દેવી ભાગવત અનુસાર આ માતાજીની આરાધના કરી અને ભગવતીના આશીર્વાદથી ભગવાન દ્વારકાધીશ જાંબુવન્તી રાણીને લઈને આ જગ્યાએ પ્રગટ થયા એવો પુરાતન આ મંદિરનો ઈતિહાસ છે. ક્રમશઃ ગુગળી બ્રાહમણ જ્ઞાતિ ૫૦૫ દ્વારા આ મંદિરનો વિકાસ કર્યો. ૧૨ વર્ષ પૂર્વે આ ભવ્ય-નવ્ય અને દિવ્ય મંદિરનું નિર્માણ થયું. આશરે પોણા બે વર્ષ પહેલાં જ આ મંદિરના ગર્ભગૃહના નવનિર્મિત ભવ્ય-દિવ્ય પ્રાસાદનાં શિખરકુંભસ્થાપન મહામહોત્સવ સંપન્ન થયાને ૧૧ વર્ષ પૂર્ણ થયા હોય શાસ્ત્રાજ્ઞાનુસાર મહાકુંભનાં પ્રતીક સમાન પ્રતિષ્ઠાપિત મંદિરનાં શિખરકળશ પ્રત્યેક ૧૨માં વર્ષ પ્રવેશ નિમિત્તે ચતુર્દિન સાધ્ય 'સમ્પ્રોક્ષણ' (કુંભાભિષેક) વિધાન અંગીભૂત એકાદશ કુંડીય 'શતચંડી મહાયાગ' મહોત્સવ યોજાયો હતો.

# કોડીનારના કોટડા ગામના શખ્સે સોશ્યલ મીડિયામાં ઈસ્લામ ધર્મના પયગમ્બર સાહેબ વિરૂદ્ધ અભદ્ર ટિપ્પણી કરતા પોલીસ ફરીયાદ નોંધાઈ

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૦

કોડીનાર તાલુકાના કોટડા ગામના શખ્સે સોશ્યલ મીડિયા ગ્રુપમાં ઈસ્લામ ધર્મ ના મહાન પયગમ્બર સાહેબ વિરૂદ્ધ અભદ્ર ટિપ્પણી વાળી પોસ્ટ વાયરલ કરતા મુસ્લિમ સમાજમાં ભારે રોષ ફેલાતા મુસ્લિમ સમાજ દ્વારા આ શખ્સ વિરુદ્ધ કોડીનાર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ છે. આ અંગે સૈયદ સંજરબાપુ કાદરી એ કોડીનાર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા કોડીનાર તાલુકાના કોટડા ગામના વિનોદ ચાવડા નામના વ્યક્તિ એ ઈસ્લામ ધર્મ ના પયગમ્બર સાહેબ વિષે અભદ્ર ટિપ્પણી કરતી પોસ્ટ કોટડા ગામના વોટસએપ ગ્રુપમાં વાયરલ કરતા મુસ્લિમ સમાજ ની લાગણી દુભાવતા અને હિન્દુ મુસ્લિમ સમાજ વચ્ચે વૈમન્સય ફેલાય અને તાલુકાની શાંતિ ડહોળાઈ તેવું કૃત્ય કરતા કોડીનાર મુસ્લિમ સમાજના લોકોએ કોડીનાર પોલીસ સ્ટેશન જઈ પોલીસ સમક્ષ આ વાયરલ પોસ્ટ અંગે રોષભેર વિરોધ વ્યક્ત કરી ફરીયાદ નોધાવવા માંગ કરતા કોડીનાર પોલીસે બનાવ ની ગંભીરતા સમજી સૈયદ સંજરબાપુ કાદરી ની ફરીયાદ ના આધારે કોટડા ગામના વિનોદ ચાવડા વિરૂદ્ધ ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખંભાળિયામાં શુક્રવારે દત્તાણી પરિવારનો અષ્ટમીનો હવન : સમૂહપ્રસાદ, દર્શન સહિતના આયોજનો


(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

ખંભાળિયામાં બિરાજતા દત્તાણી કુટુંબના કુળદેવી શ્રી રૂડીલાખી માતાજીના આસો નવરાત્રીના હવનનું આયોજન આગામી શુક્રવાર તારીખ ૧૧ મી ના રોજ કરવામાં આવ્યું છે. દર વર્ષની જેમ યોજવામાં આવેલા આ હવનમાં બપોરે સવા વાગ્યે બીડું હોમાયા બાદ સર્વે દત્તાણી કુટુંબીજનોના સમૂહ પ્રસાદનું પણ આયોજન કરાયું છે. આ માટે ખંભાળિયાના મૂળ વતની અને હાલ જામનગરના શ્રી જયંતીલાલ કાનજીભાઈ દત્તાણી પરિવારના જગદીશભાઈ (રિલાયન્સ) તેમજ વિપુલભાઈ (સી.એ.) આ હવનના મુખ્ય યજમાન પદે ઉપસ્થિત રહેશે. નવરાત્રી પર્વ નિમિત્તે પૂજ્ય શ્રી રૂડીલાખી માતાજીના મંદિરે દરરોજ સાંજે આરતી તેમજ દીપમાળાના દર્શનનું પણ આયોજન થઈ રહ્યું છે. જેમાં ઉપસ્થિત રહેવા સર્વે દત્તાણી કુટુંબીજનોને આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ઉનામાં ગાયત્રી મંદીર ગરબી મંડળમાં લોકો ઉમટયા





(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૯

ઊના શહેરમાં શરદિય નવરાત્રી ઉત્સવમાં પ્રાચીન અને અર્વાચીન ગરબીમાં રાત્રિના મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો માતાજીની આરાધના કરવા ઉમટી પડે છે. ઊનામાં ગાયત્રી માતાજીના મંદિરએ ગાયત્રી ગરબી મંડળ, ગાયત્રી સોસાયટીમાં દીપાબેન મહેક કુમાર બાંભણિયા મહિલા સંચાલિત એ.સી. ગ્રુપ મિત્ર મંડળ દ્વારા ભૂતડા દાદા ગરબી મંડળ, આનદ વાટિકા ચોકમાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ દવારા બહુચરાજી ગરબી મંડળ, પોલીસ લાઈનમાં જય અંબે ગરબી મંડળ, શાસ્ત્રીનગરમાં જય સંતોષી માં ગરબી મંડળ, પારસ સોસાયટી, ઉન્નત નગર, બહુમાળી, દયાનંદ સોસાયટી, અંબાજી નગર, તુલસી ધામ સોસાયટી, સાજણ નગર, ભોંય વાડા, માળી વાડા, હર્ષદ માતાજીના મદિરના ચોકમાં ભાભલ માતાજી મંદિર ચોકમાં કનકાઈ માતાજીના ચોકમાં વિગેરે વિસ્તારોમાં રાત્રિના સમૂહ મહા આરતી બાદ ભાઈઓ અને બહેનો જુદા જુદા રાઉન્ડમાં ગરબા રમી માતાજીની આરાધના કરી રહ્યા છે.

ઘણી ગરબીના આયોજકો દ્વારા વિજેતા બેસ્ટ ખેલૈયાઓને નાના મોટા ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે. તમામ ગરબી મંડળ ઉપર પોલીસ, હોમ ગાર્ડ, જી.આર.ડી., શી મહિલા પોલીસ ટીમ દ્વારા સુંદર બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

# સ્વચ્છતા પખવાડા : રેલ્વે કર્મચારીઓએ રાજકોટ ડિવિઝનમાં રેલ્વે ટ્રેક અને પ્લેટફોર્મની સફાઈ કરીને ચમકાવ્યા



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૯

રાજકોટ ડિવિઝન દ્વારા ૧ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ દરમ્યાન "સ્વચ્છતા પખવાડા" મનાવવામાં આવી રહ્યું છે. આ પખવાડિયા દરમ્યાન રેલવે પરિસરને સુંદર બનાવવા માટે વિવિધ સ્વચ્છતા સંબંધિત પ્રવૃત્તિઓ સતત કરવામાં આવી રહી છે. પખવાડિયાના સાતમાં દિવસે 'સ્વચ્છ ટ્રેક'ની થીમ ઉપર રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, દ્વારકા, ઓખા, ખંભાળિયા, વાંકાનેર સહિતના ડિવિઝનના મુખ્ય સ્ટેશનો ઉપર રેલ્વે કર્મચારીઓએ શ્રમદાન કરીને રેલ્વે ટ્રેક અને પ્લેટફોર્મને ચમકાવ્યો હતો. ડિવિઝનના વિવિધ રેલવે સ્ટેશનો ઉપર રેલવે કર્મચારીઓ દ્વારા પ્લેટફોર્મ, રેલવે ટ્રેક અને સ્ટેશન પરિસરમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. રેલ્વે ટ્રેકની આસપાસ ઉગેલું ઘાસ દૂર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ડ્રેનેજ ચોક ન થાય તે માટે પાટા વચ્ચેની ગટરોની પણ સંપૂર્ણ સફાઈ કરવામાં આવી હતી. મુસાફરો દ્વારા ઉપયોગમાં લેવાતી જગ્યાઓ જેમ કે કોન્કોર્સ હોલ, શૌચાલય, વેઈટિંગ હોલ, વેઈટિંગ રૂમ વગેરેની પણ સંપૂર્ણ સફાઈ કરવામાં આવી હતી. સ્વચ્છતા અભિયાન બાદ સ્ટેશનોની સ્વચ્છતા અને સુંદરતા જોવા જેવી છે. આ સ્વચ્છતા અભિયાનથી ચેપના લીધે ફેલાતા રોગોને રોકવામાં પણ ઘણી મદદ મળશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અતિથિનો યોગ્ય સત્કાર કરવો એ ઘરનો વૈભવ છે.

- વેદ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, આસો સુદ-૬ સરસ્વતિ આહવાન તા.૯ ઓક્ટોબર ૨૦૨૪, બુધવાર, પારસી તા.૨૬, મુસ્લિમ તા.૫, મૂળ નક્ષત્ર, સૌભાગ્ય યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૪૬, સૂ.અ.૬:૩૧

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વિલંબમાં પડેલા કાર્યો પૂર્ણ થાય. સંતાનથી લાભ થાય.
વૃષભ:નકારાત્મક વિચારોથી મન ભરાયેલું રહે. વ્યર્થ ઉદાસીનતા રહે.
મિથુન:મનમાં મૂંઝવણ રહે. અપયશના ભોગ બનવું પડે.
કર્ક: ઈચ્છીત પરિસ્થિતિનું નિર્માણ થાય. સમસ્યાનો ઉકેલ મળે.
સિંહ: નવિન સમાચાર મળે. ચિંતાનું સમાધાન થાય.
કન્યા: રોકાયેલા નાણાં છૂટા થાય. નવિન આયોજન કરી શકશો.
તુલા: તકનો લાભ ઉઠાવી શકશો. આર્થિક લાભની તક મળે.
વૃશ્ચિક:વાદ-વિવાદમાં ન પડવું હિતાવહ. બીજાઓ સાથે સંઘર્ષ ટાળવો.
ધન: પ્રતિકૂળ સંજોગોમાંથી માર્ગ કાઢી શકશો. મનમાં આનંદ રહે.
મકર: નાણાંભીડ અનુભવાય, મનમાં વ્યથા રહે.
કુંભ: જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. અંગત મૂંઝવણ દૂર થાય.
મીન: કાર્ય સફળતા માટે મહેનત કરવી પડે.

# રાજ્યમાં ચોમાસાની વિદાય બાદ ગરમી અને બફારાનો અનુભવ

અમદાવાદ,તા.૯

ચોમાસાએ રાજ્યમાં મોટા ભાગના વિસ્તારોમાંથી હાલ વિદાય લઈ લીધી છે. રાજ્યમાં કોઈપણ જગ્યાએ વરસાદ પડવાની સ્થિતિ દર્શાવાઈ રહી નથી. જો કે, રાજયના કેટલાક વિસ્તારોમાં ગરમી અને બફારાનો અનુભવ લોકો કરી રહ્યા છે. અમદાવાદ સહિતના જિલ્લાઓમાં તાપમાનમાં અમુક અંશે વધારો થયો છે. ગુજરાતમાં વરસાદ તો પડી નથી રહ્યો પરંતુ બફારો અને ગરમી વધી રહી છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ ગુજરાતનું હવામાન કેવું રહેશે તે અંગેની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે આપેલી આગાહી પ્રમાણે, વલસાડ અને ડાંગ જિલ્લામાં તથા દમણ અને દાદરાનગર હવેલીમાં છૂટાછવાયા વરસાદની સંભાવના દર્શાવાઈ રહી છે. આ ઉપરાંતના કોઈપણ જિલ્લામાં વરસાદની કોઈ શક્યતા દર્શાવવામાં આવી નથી. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, ૭ થી ૧૩ તારીખ સુધી એટલે કે સોમવારથી રવિવાર સુધી સમગ્ર ગુજરાતમાં વરસાદની કોઈ આગાહી નથી. ગુજરાતનું હવામાન સૂકું રહેવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે તાપમાન અંગેની માહિતી પણ આપી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, ૨૪ કલાક સુધી તાપમાન યથાવત્ રહેશે જે બાદ મહત્તમ અને ન્યૂનતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો નોંધાવવાની શક્યતા છે. તો બીજી બાજુ હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ વરસાદ, વાવાઝોડું અને ચોમાસાની વિદાય અંગેની માહિતી આપી છે. તેમણે પાંચમી ઓક્ટોબરે આપેલી આગાહીમાં જણાવ્યું છે કે, સામાન્ય રીતે નૈઋત્યનું ચોમાસું પાંચમી ઓકટોબર સુધીમાં આખા ગુજરાતમાંથી વિદાય લઈ લેતું હોય છે. પણ આ વખતનું ચોમાસું લાંબુ છે. આજે પણ રાજ્યના અમુક વિસ્તારોમાં ચોમાસું સક્રિય છે. જેમાં દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં હજી ચોમાસું સક્રિય છે. જોકે, આવનારા દિવસોમાં દક્ષિણ ગુજરાતના ભાગોમાંથી પણ ચોમાસાની વિદાય થઈ જશે. આ સાથે તેમણે જણાવ્યું છે કે, હજુ પણ સાત-આઠ તારીખની આસપાસ છૂટાછવાયા સામાન્ય વરસાદી ઝાપટાંની શક્યતા છે. આ વરસાદ સાતથી નવ તારીખ સુધીમાં થઈ શકે. આ વરસાદથી ખેતીકામમાં કંઈ ખલેલ નહીં પહોંચે.

# ગાંધીનગરમાં વનરક્ષકની ફિઝિકલ કસોટીમાં ઉમેદવારની જગ્યાએ તેના મિત્રએ પરીક્ષા આપી !

અમદાવાદ,તા.૯

રાજયમાં ડમી ઉમેદવાર ઝડપાવવાની ઘટના સામે આવી છે. ગાંધીનગરના સેક્ટર - ૨૭ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલી વન રક્ષક વર્ગ- ૩ ની શારીરિક ક્ષમતા કસોટીની પરિક્ષા દરમ્યાન બાયોમેટ્રિકની કાર્યવાહી વખતે ભાવનગરના ઉમેદવારની જગ્યાએ તેના મિત્રએ ડમી ઉમેદવાર બનીને પરીક્ષા આપી હતી. જે બાદ ઉત્તીર્ણ પણ થઈ ગયો હતો. જો કે, બાયો મેટ્રિકની તપાસમાં બંનેની મીલીભગતનો ભાંડો ફૂટી જતાં સેક્ટર - ૨૧ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે. ગાંધીનગર સેક્ટર - ૩૦ બોરીજ રેન્જ આરએફઓ રામદેવસિંહ કનકસિંહ ગોહીલે સમગ્ર મામલે પોલીસ ફરિયાદ નોંધાવી છે. હાલમાં સેક્ટર - ૨૭ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે વનરક્ષકની ભરતી માટે શારીરિક ક્ષમતા કસોટી વનરક્ષકની ભરતી માટે શારીરિક ક્ષમતા કસોટી આવી હતી. એ વખતે આરએફઓ રામદેવસિંહ ગોહિલ એકોમોડેશન કમિટીમા ફરજ ઉપર હાજર હતા. દરમ્યાન વનરક્ષકની લેખીત પરીક્ષા પાસ કરેલા ઉમેદવારોનાં કોલ લેટર તથા આધાર કાર્ડ ચેક કરી અંદર એન્ટ્રી આપી રજીસ્ટ્રેશન કરવામાં આવી રહ્યું હતું. જેમા ઉમેદવારોને ચેસ્ટ નંબર આપી ફોટો પાડી તેની ફીગરપ્રિન્ટ લેવામા આવી રહી હતી. ત્યારબાદ ચીપ પહેરાવી દોડ માટે મોકલવામા આવતા હતા. જેમાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોને લાંબી કુદ, ઉંચી કુદમા, પુલઅપ્સ તથા રસ્સા ચડ માટે મોકલવામાં આવ્યા હતા. જેમાં ઉતીર્ણ થયેલ ઉમેદવારોને છાતી, ઉંચાઇ તથા વજન માપી લાયક ઉમેદવારોનાં અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરાઈ હતી. આ દરમ્યાન બાયોમેટ્રીક વેરીફીકેશન વખતે એક ઉમેદવારે બીજા ઉમેદવારની જગ્યાએ શારીરિક ક્ષમતા કસોટી પાસ કરી હોવાનું ખુલ્યું હતું. જેની વધુ તપાસ કરતા સાચા ઉમેદવાર હરેશકુમાર ભોળાભાઈ બારૈયા (રહે. પીપરલા, તા.તળાજા જી, ભાવનગર) ની જગ્યાએ ડમી ઉમેદવાર કનુભાઈ ગોબરભાઈ ચૌહાણ (રહે. પીપરલા, તા.તળાજા જી. ભાવનગર) હતો. આ અંગે પોલીસે જણાવ્યું કે, કનુ ચૌહાણ અને હરેશ બંને મિત્રો છે. હરેશનાં કહેવાથી કનુ શારીરિક ક્ષમતા કસોટી આપવા આવ્યો હતો. જો કે, વનરક્ષકની જેતે સમયે યોજાયેલ લેખીત પરીક્ષામા હરેશની ફિંગરપ્રિન્ટ, ફોટો તથા આઈરીસ(આંખો) ની બાયોમેટ્રીક લેવાઈ હતી. જેનું ક્રોસ વેરિફિકેશન કરવામાં આવતાં કનુનો ભાંડો ફૂટી ગયો હતો. જેને રેકોર્ડ સીટ સહીતના અન્ય દસ્તાવેજોમાં કરેલી સહીઓ ખોટર્ હતી. બંનેએ અંદરો-અંદર કાવતરૂ રચ્યું હતું. આ પોલીસેર અંગે બંને વિરૂધ્ધ ગુનો નોંધી વધધ્ તપાસ હાથ ધરી છે.

# આરક્ષણ ઉપરની ૫૦ ટકાની મર્યાદા દૂર કરવા શરદ પવારની કેન્દ્ર સરકાર સમક્ષ માંગણી



નવી દિલ્હી તા.૯

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના દિગ્ગજ નેતા શરદ પવારે કેન્દ્ર સરકારને શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં અનામત ઉપરની ૫૦% મર્યાદાને નાબૂદ કરવા હાકલ કરી છે. આ માંગ ઐતિહાસિક અન્યાય અને સામાજિક આર્થિક અસમાનતાને સંબોધવા માટે હાલની હકારાત્મક પગલાંની નીતિઓની પર્યાપ્તતાને લગતા વિવિધ હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોમાં વધતી ચિંતાઓને પ્રતિબિંબિત કરે છે.

“હાલમાં આરક્ષણની મર્યાદા ૫૦ ટકા છે. પરંતુ જો તમિલનાડુમાં ૭૮ ટકા (વિવિધ સમુદાયો માટે ક્વોટા) હોઈ શકે છે, તો મહારાષ્ટ્રમાં ૭૫ ટકા અનામત કેમ ન હોઈ શકે? પવારે તાજેતરના જાહેર સંબોધન દરમ્યાન તેમની સ્થિતિ સ્પષ્ટ કરી, ભારપૂર્વક જણાવ્યું કે વર્તમાન મર્યાદા પછાત વર્ગો, અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને અન્ય વંચિત જૂથોના અસંખ્ય લાયક ઉમેદવારો માટેની તકોને મર્યાદિત કરે છે. તેમણે દલીલ કરી હતી કે આરક્ષણનો મૂળ ઉદ્દેશ અન્ડરપ્રેઝેન્ટેડ સમુદાયોના ઉત્થાનનો હતો અને ટોચમર્યાદા જાળવવાથી તે હેતુને નબળો પડે છે. પવારે નોંધ્યું હતું કે સામાજિક-આર્થિક લેન્ડસ્કેપ નોંધપાત્ર રીતે વિકસિત થયું છે, અને નિષ્પક્ષ પ્રતિનિધિત્વ અને તકોની પહોંચ સુનિશ્ચિત કરવા નીતિઓ માટે તે મુજબ અનુકૂલન કરવું મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું, કેન્દ્રએ આગેવાની લેવી જોઈએ અને ક્વોટાની મર્યાદા વધારવા માટે બંધારણીય સુધારો લાવવો જોઈએ. "અમે સુધારાને સમર્થન આપીશું,". પવારે જણાવ્યું હતું કે વિપક્ષી જૂથ મહા વિકાસ અઘાડી (MVA)ના નેતાઓ વચ્ચે બેઠક વહેંચણીની વાટાઘાટો આવતા અઠવાડિયે ચાલુ રહેશે. તેમણે કહ્યું, "હું ફક્ત નેતાઓને સલાહ આપીશ કે શક્ય તેટલી વહેલી તકે વાટાઘાટો પૂર્ણ કરો જેથી અમે એવા લોકો પાસે જઈ શકીએ, જેઓ પરિવર્તન ઈચ્છી રહ્યા છે." MVA ભાગીદારો NCP (SP), ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (UBT) અને કોંગ્રેસે તાજેતરની લોકસભા ચૂંટણી એક એકમ તરીકે લડી અને પ્રભાવશાળી પ્રદર્શન કર્યું, રાજ્યની ૪૮ બેઠકોમાંથી ૩૦ બેઠકો જીતી. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી નવેમ્બરમાં થવાની છે.

૫૦% અનામત મર્યાદા સર્વોચ્ચ અદાલત દ્વારા ૧૯૯૨ માં ઈન્દ્રા સાહની વિ. યુનિયન ઓફ ઈન્ડિયાના સીમાચિહ્નરૂપ ચુકાદામાં સ્થાપિત કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ મેરીટોક્રસીના સિદ્ધાંત સાથે હકારાત્મક પગલાંને સંતુલિત કરવાનો હતો. જો કે, પવાર દલીલ કરે છે કે આ મર્યાદા હવે પ્રગતિમાં અવરોધ છે. તેમણે કેન્દ્રને સમાજની બદલાતી વસ્તી અને જરૂરિયાતોને ધ્યાનમાં લઈને અનામત નીતિની વ્યાપક સમીક્ષા ઉપર વિચાર કરવા વિનંતી કરી. તદુપરાંત, પવારે એવા કિસ્સાઓ પ્રકાશિત કર્યા કે જ્યાં અમુક રાજ્યોએ કાનૂની ગૂંચવણો વિના ઉચ્ચ અનામત ટકાવારીને સફળતાપૂર્વક લાગુ કરી છે, જે સૂચવે છે કે વધુ લવચીક અભિગમ ફાયદાકારક બની શકે છે. તેમણે તમિલનાડુ જેવા રાજ્યોના ઉદાહરણો ટાંક્યા, જેમણે ઉચ્ચ કેપ લાગુ કરી છે અને પ્રતિનિધિત્વ અને સામાજિક ગતિશીલતાના સંદર્ભમાં સકારાત્મક પરિણામો જોયા છે. ખાસ કરીને જાહેર સેવાઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં ઉન્નત પ્રતિનિધિત્વ માટે વિવિધ જૂથોની વધતી માંગને ધ્યાનમાં રાખીને એનસીપી નેતાની અરજી આરક્ષણ ઉપર વ્યાપક રાષ્ટ્રીય પ્રવચન સાથે સંરેખિત છે. સુધારા માટેના આ કોલમાં ઘટકોની વિશાળ શ્રેણી સાથે પડઘો પાડવાની ક્ષમતા છે, કારણ કે ઘણા સમુદાયોને લાગે છે કે હાલનું માળખું તેમની જરૂરિયાતોને યોગ્ય રીતે સંતોષતું નથી.

# સરકારની ટીકા કરવા બદલ પત્રકાર સામે ફોજદારી કેસ કરી શકાય નહીં : સુપ્રીમ

નવી દિલ્હી, તા.૯

સરકારની ટીકા કરી હોય એવા લખાણ કે લેખ માત્રને કારણે કોઈ પત્રકાર કે લેખક ઉપર ફોજદારી કેસ કરી શકાય નહીં એવું સ્પષ્ટ નિરીક્ષણ સુપ્રીમ કોર્ટે કર્યું છે. ઉત્તરપ્રદેશમાં જાતિ સમીકરણ અને તેનીગતીશીલતા ઉપર લેખ લખનાર અભિષેક ઉપાધ્યાય નામના પત્રકાર સામે રાજ્યનું પ્રશાસન કોઈ કાર્યવાહી ન કરે અને કોઈ આકરા પગલાં ન લે એ માટે સુપ્રીમે પત્રકારને વચગાળાનું રક્ષણ આપ્યું અને તેની સામે હાલ કોઈ પગલાં ન લેવા રાજ્યના વહીવટી તંત્રને આદેશ આપ્યો હતો. જસ્ટીસ ઋષિકેશ રોય અને ભટ્ટીની બેન્ચ સમક્ષ અરજી આવી હતી જેમાં એક લેખ બદલ યુપી પોલીસે પત્રકાર સામે કરેલી FIR રદ કરવા માટે સુપ્રીમને અનુરોધ કરવામાં આવ્યો હતો. આ અરજી પર ઉચ્ચ અદાલતે રાજ્ય સરકારને નોટિસ ફટકારી છે અને વધુ સુનાવણી પમી નવેમ્બરે રાખી છે. પોતાના ટૂંકા આદેશમાં સુપ્રીમે મહત્ત્વનું નિરીક્ષણ કરતા જણાવ્યું છે કે લોકશાહી દેશમાં વિચારો વ્યક્ત કરવાની આઝાદીનું સન્માન થવું જોઈએ બંધારણની કલમ ૧૯ (૧) (A) મુજબ પત્રકારોના અધિકારોનું જતન કરવામાં આવ્યું છે. પત્રકાર કશું લખેને તેને સરકારની ટીકા માનીને તેના ઉપર સીધો ફોજદારી કેસ કરી શકાય નહીં. અભિષેક દ્વારા યાદવ રાજ વિરૂદ્ધ ઠાકુર રાજ એવા હેડિંગ હેઠળ એક લેખ લખવામાં આવ્યો હતો જેના કારણે યુપી પોલીસે એમના સામે FIR દાખલ કરી હતી. આથી પત્રકારે સુપ્રીમમાં જઈને ન્યાય માંગ્યો હતો. સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે આ લેખના વખાણ કર્યા એ પછી ભારે ચર્ચા જાગી ઊઠી હતી અને પત્રકારને ધમકીઓ પણ મળી છે.

# ચૂંટાયેલા મહિલા જન પ્રતિનિધિને પદ પરથી હટાવવાના આદેશને હળવાશથી ન લઈ શકાય : સુપ્રીમકોર્ટ

## સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રના એક ગામમાં મહિલા સરપંચને હટાવવાના આદેશને રદ કર્યા

નવી દિલ્હી તા.૯

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, ચૂંટાયેલા જનપ્રતિનિધિને હટાવવાને હળવાશથી લેવું જોઈએ નહીં અને ખાસ કરીને જ્યારે તે ગ્રામીણ વિસ્તારોની મહિલાઓ હોય ત્યારે તે વધુ ચિંતાનો વિષય છે, કોર્ટે મહારાષ્ટ્રના એક ગામમાં મહિલા સરપંચને દૂર કરવાના આદેશને રદ કર્યો છે. જસ્ટિસ સૂર્યકાંત અને ઉજ્જલ ભુયાનની બેન્ચે આ કેસને ક્લાસિક કેસ ગણાવ્યો હતો જ્યાં ગામના રહેવાસીઓએ હકીકત સ્વીકારી શક્યા ન હતા કે, એક મહિલા સરપંચના પદ માટે ચૂંટાઈ હતી. સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું હતું કે, તે એક એવો કેસ હતો જ્યાં ગ્રામીણો વાસ્તવિકતા સાથે સમજૂતી કરવામાં અસમર્થ હતા કે મહિલા સરપંચ તેમના વતી નિર્ણયો લેશે અને તેઓએ તેમના નિર્દેશોનું પાલન કરવું પડશે. આપણે એક દેશ તરીકે જાહેર કચેરીઓ સહિત તમામ ક્ષેત્રોમાં લિંગ સમાનતા અને મહિલા સશક્તિકરણના પ્રગતિશીલ ધ્યેયને સાકાર કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ અને સંસ્થાઓમાં સૌથી મહત્ત્વની રીતે પર્યાપ્ત મહિલા પ્રતિનિધિઓએ આ હાંસલ કરેલ પ્રગતિ છે. એવી મહિલાઓ, જેઓ આવા જાહેર કાર્યાલયોમાં આવવામાં સફળ થાય છે, તેઓએ નોંધપાત્ર સંઘર્ષ કરવો પડે છે. અમે એટલું જ પુનરોચ્ચાર કરવા માંગીએ છીએ કે ચૂંટાયેલા જનપ્રતિનિધિને હટાવવાની બાબત હળવાશથી ન લેવી જોઈએ. બેંચ મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં આવેલી વિચખેડા ગ્રામ પંચાયતના ચૂંટાયેલા સરપંચ મનીષ રવિન્દ્ર પાનપાટીલની અરજી ઉપર કાર્યવાહી કરી રહી હતી. સાથી ગ્રામજનોની ફરિયાદ બાદ તેણીને તેના પદ ઉપરથી હટાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો આ ફરિયાદમાં તેણી કથિત રીતે સરકારી જમીન ઉપર બાંધવામાં આવેલા મકાનમાં તેની સાસુ સાથે રહેતી હતી એવું કહેવામા આવ્યું હતું. આ આરોપને પાનપાટીલ દ્વારા નકારી કાઢવામાં આવ્યો હતો, જેમણે દાવો કર્યો હતો કે, તેણી તે ચોક્કસ નિવાસસ્થાનમાં રહેતી નથી અને તે તેના પતિ અને બાળકો સાથે ભાડાના આવાસમાં અલગ રહે છે. જો કે, આ હકીકતોને યોગ્ય રીતે ચકાસ્યા વિના સંબંધિત કલેક્ટરે તેણીને સરપંચ તરીકે ચાલુ રાખવા માટે ગેરલાયક ઠેરવતો હુકમ પસાર કર્યો હતો. ત્યારબાદ આ આદેશની ડિવિઝનલ કમિશનર દ્વારા પુષ્ટિ કરવામાં આવી હતી. ખંડપીઠે નોંધ્યું હતું કે, ખાનગી પ્રતિવાદીઓ દ્વારા કરવામાં આવેલા આક્ષેપો યોગ્ય હતા કે કેમ તેની પુષ્ટિ કરવા માટે, હકીકત-શોધની કવાયત્ હાથ ધરવા માટે કોઈ પ્રયાસ કર્યા વિના, આ આદેશો અયોગ્ય રીતે પસાર કરવામાં આવ્યા હતા. કોઈ વાંધો સૂચવવા માટે રેકોર્ડ નથી કે અરજદારના પરિવારે સરકારી જમીન ઉપર અતિક્રમણ કર્યું છે અને તેણીએ ઉમેદવારી પત્ર ભર્યું હતું ત્યારે આ વાંધો ક્યારેય ઊઠાવવામાં આવ્યો ન હતો. ચૂંટાયેલા પ્રતિનિધિને દૂર કરવા માટે સરકારી સત્તાવાળાઓ દ્વારા અપનાવવામાં આવતો આકસ્મિક અભિગમ વધુ ચિંતાજનક છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, કેસના તથ્યો અને સંજોગોને ધ્યાનમાં રાખીને, તેને સરપંચ તરીકેની ચૂંટણી પહેલાં અથવા પછી પનપાટીલ દ્વારા સરકારી જમીનના અતિક્રમણના આરોપોને સમર્થન આપવા માટે રેકોર્ડ ઉપર કોઈ વિશ્વસનીય અને ખાતરીકારક સામગ્રી દેખાતી નથી માટે તેણીને સરપંચ પદેથી હટાવવાની બાબત અયોગ્ય છે. કોર્ટે ૩ ઓગસ્ટ, ૨૦૨૩ના બોમ્બે હાઈકોર્ટના આદેશને રદ કરીએ પનપાટીલને તેમનો કાર્યકાળ પૂર્ણ ન થાય ત્યાં સુધી ગ્રામ પંચાયતના સરપંચ તરીકે ચાલુ રાખવા અને ફરજો નિભાવવાની મંજૂરી આપી છે

# તણાવ વચ્ચે યમનનો ઈઝરાયેલ ઉપર હુમલો, મિસાઈલો છોડી

## મીડિયાના અહેવાલો મુજબ, મિસાઈલને એરો લાંબા અંતરની મિસાઈલ સંરક્ષણ પ્રણાલી દ્વારા તોડી પાડવામાં આવી હતી

નવી દિલ્હી, તા.૮

પશ્ચિમ એશિયામાં સતત બગડતી પરિસ્થિતિ વચ્ચે યમને ઈઝરાયલ તરફ બેલેસ્ટિક મિસાઈલ છોડી હતી. આ માહિતી ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ (IDF) દ્વારા આપવામાં આવી છે. સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો છે કે સપાટીથી સપાટી ઉપરની મિસાઈલોના પ્રક્ષેપણ પછી ઈઝરાયેલના મધ્ય ભાગોમાં સાયરન વાગવા લાગ્યા. ઈરાને ઈઝરાયેલ ઉપર લગભગ 200 મિસાઈલો છોડ્યાના લગભગ એક સપ્તાહ બાદ આ ઘટના બની છે. IDF અનુસાર, યમનથી ઈઝરાયેલ પર છોડવામાં આવેલી બેલેસ્ટિક મિસાઈલને ઈઝરાયેલની હવાઈ સંરક્ષણ દ્વારા સફળતાપૂર્વક અટકાવવામાં આવી હતી. મીડિયાના અહેવાલો મુજબ, મિસાઈલને એરો લાંબા અંતરની મિસાઈલ સંરક્ષણ પ્રણાલી દ્વારા તોડી પાડવામાં આવી હતી. જ્યારે તે વાતાવરણની બહાર હોય ત્યારે બેલેસ્ટિક મિસાઈલોને મારવા માટે તેને બનાવવામાં આવી છે. આ પહેલા લેબનોનથી ઉત્તરી ઈઝરાયેલ પર લગભગ 135 રોકેટ છોડવામાં આવ્યા હતા. તાજેતરમાં આ ઘટના ઈરાને ઈઝરાયેલ ઉપર લગભગ 200 બેલેસ્ટિક મિસાઈલો છોડ્યાના થોડા દિવસો બાદ બની હતી. જો કે, યુનાઈટેડ સ્ટેટ્સ સૈન્ય, ઈઝરાયેલ સંરક્ષણ દળો સાથે મળીને, આ હુમલા સામે ઈઝરાયેલને બચાવવામાં મદદ કરી હતી.

# પ્રિયંકા ગાંધીએ મને ફરીથી કુસ્તી કરવા માટે પ્રોત્સાહિત કરી : વિનેશ ફોગાટ



નવી દિલ્હી, તા.૯

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ હરિયાણાના જુલાનામાં મહિલા મતદારોને એક ખેડૂતના ઘરે તેમની મુલાકાતની ટુચકાઓ શેર કરીને ભાવનાત્મક અપીલ કરી, રાજ્યની મહિલાઓના નિર્ધારની પ્રશંસા કરી. પ્રિયંકા કોંગ્રેસના ઉમેદવાર અને ભૂતપૂર્વ ઓલિમ્પિયન કુસ્તીબાજ વિનેશ ફોગાટ માટે ચૂંટણી બંધિત રાજ્યમાં પ્રચાર કરી રહ્યા હતા,જ્યાં ૫ ઓક્ટોબરે ચૂંટણી યોજાવાની છે.

પેરિસ ઓલિમ્પિકમાં તાજેતરની ઘટનાને પગલે ફોગાટની તેની સ્થિતિસ્થાપકતાની પ્રશંસા કરતા, જ્યાં કુસ્તીબાજને ૧૦૦ ગ્રામ વધારે વજન હોવાને કારણે સિલ્વર મેડલ નકારવામાં આવ્યો હતો, પ્રિયંકાએ ભાજપ ઉપર તેના વિવાદાસ્પદ કૃષિ કાયદા, અગ્નિપથ યોજના અને બેરોજગારી ઉપર પણ પ્રહારો કર્યા હતા.

એક ખેડૂતના ઘરે તેમની મુલાકાત વિશે બોલતા, પ્રિયંકાએ કહ્યું કે,તે તેને જ્યારે તેની પુત્રી હરિયાણામાં બાસ્કેટબોલ કોચિંગ કેમ્પમાં જતી હતી અને તે નજીકના ખેતરમાં કામ કરતી હતી ત્યારે મળ્યા હતા.તેમણે કહ્યુવૃદ્ધ માણસ જેને હું દાદુ (દાદા) કહેતી હતી તેઓ તેનો પાક લણતા હતા. હું તેમની પાસે ગઈ અને તેમને મને પાક કેવી રીતે કાપવો તે શીખવવા કહ્યું. તેઓ જાણતા ન હતા કે હું કોણ છું, પરંતુ તેઓ સંમત થયા અને થોડાં સમય પછી, મને તેમના ઘરે લઈ ગયા. તેમના આખા પરિવારે મને તેમના પોતાના તરીકે શુભેચ્છા પાઠવી.

પ્રિયંકાએ કહ્યું, તેમનો પુત્ર મનોજ આવ્યો ત્યારે મેં ત્યાં ચાર-પાંચ કલાક વિતાવ્યા હતા. તેમણે રાયબરેલીમાં કોંગ્રેસ માટે કામ કર્યું હતું અને તરત જ મને ઓળખી કાઢી હતી. ત્યારથી લગભગ આઠ વર્ષ વીતી ગયા, પરંતુ મનોજ અને તેના દાદુ અને દાદી હજુ પણ મારા ઘરે આવે છે. આ હરિયાણાની સંસ્કૃતિ છે. હરિયાણાના લોકો આટલા પ્રેમાળ છે.

કોંગ્રેસના નેતાએ ફોગાટની પણ પ્રશંસા કરી, જેઓ જુલાનાથી રાજકીય પદાર્પણ કરી રહ્યા છે. વિનેશ તેના સમગ્ર સફર દરમ્યાન મજબૂત હતી. તેણી ભાંગી પડી હતી, પરંતુ ઊભી થઈ અને ઓલિમ્પિકમાં ગઈ. મોદીજીની પોલીસ તેમને દિલ્હીની ગલીઓમાં વાળથી ખેંચી ગઈ, પરંતુ તે વધુ મજબૂત થઈ. તે ઓલિમ્પિકમાં રમી હતી અને જાપાનની ગોલ્ડ મેડલ વિજેતાને હરાવી હતી.

પ્રિયંકાએ કહ્યું,જ્યારે તે ભારત પાછી આવી, ત્યારે તેણે મને કહ્યું કે,તે ભાંગી પડી છે, અને રાજકારણમાં જોડાવા માટે મારી સલાહ માંગી. મેં તેને કહ્યું કે, તેણે જોડાવું જ જોઈએ અને તેણે ચૂંટણી લડવી જોઈએ, તેના ખાતર નહીં, પરંતુ હરિયાણાની તમામ દીકરીઓ, હરિયાણાની મહિલાઓ માટે. તેણે કેન્દ્રની ભાજપ સરકાર ઉપર પણ પ્રહાર કરતા કહ્યું કે, આજે દરેક સ્તરે તમારી સાથે દગો કરવામાં આવી રહ્યો છે. ત્રણ કાળા કૃષિ કાયદા રજૂ કરનાર વડા પ્રધાન મોદીનો જ્યારે તમે (ખેડૂતો) વિરોધ કરી રહ્યા હતા ત્યારે એક વખત પણ તમારી મુલાકાત લીધી ન હતી. તેમના નિવાસસ્થાનથી થોડાક કિલોમીટર દૂર તેઓ જાણતા હતા કે આ કાયદાઓથી માત્ર મોટા વેપારીઓને જ ફાયદો થશે, જ્યારે ઉત્તર પ્રદેશની વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી ત્યારે જ તેઓએ આ કાયદાઓ રદ કર્યા.

ફોગાટે કહ્યું કે,જ્યારે તેણી અને અન્ય કુસ્તીબાજોએ ગયા વર્ષે દિલ્હીમાં ભાજપના પૂર્વ સાંસદ અને તત્કાલીન રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ સામે જાતીય શોષણનો કેસ નોંધાવવા વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા, ત્યારે હરિયાણા કોંગ્રેસના નેતા દીપેન્દ્ર હુડ્ડા અમારી પાસે દોડી આવ્યા હતા, અમે ઠીક છીએ કે કેમ તે તપાસવા. ફોગાટે કહ્યું,જ્યારે અમારી બાજુમાં આવા ભાઈ હશે, ત્યારે મને ખાતરી છે કે તમે બધા અમને આશીર્વાદ આપશો. હું તમને બધાને ખાતરી આપું છું કે હું તમારો પ્રેમ ઘણી વખત પાછો આપીશ. તમે મને ઓલિમ્પિકમાં ભાગ લેતો જોઈ જ હશે. મારી સહભાગિતામાં પ્રિયંકા ગાંધીએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. જ્યારે હું તેને મળી ત્યારે મેં તેમને કહ્યું, દીદી, હું એટલી ખરાબ રીતે તૂટી ગઈ છું કે મને લાગે છે કે મારે આ દેશ છોડી દેવો જોઈએ. દીદીએ મને તેમના પિતાની વાર્તા કહી. તેમણે મને કહ્યું કે તેમને પણ લાગ્યું કે આ દેશે તેમને અને તેમના પરિવાર સાથે ન્યાય કર્યો નથી. પરંતુ જ્યારે તેઓ શેરીઓમાં બહાર નીકળી, ત્યારે તેમને લાગ્યું કે આખો દેશ તેમની પીડા વહેંચવા માટે ત્યાં છે. તેણીએ મને કહ્યું કે, આખું રાષ્ટ્ર ખોટું ન હોઈ શકે, અને આ દેશ મારા ઉપર પણ અપાર પ્રેમ વરસાવશે. તેમણે મને ફરીથી કુસ્તી કરવા માટે પ્રોત્સાહિત કરી. તે દિવસે એક વિખેરાઈ ગયેલી છોકરી ઓરડામાં પ્રવેશી પણ દુર્ગા બનીને બહાર નીકળી. હું રાજકારણમાં નવી છું. એવું ન વિચારો કે હું કોંગ્રેસની પ્રશંસા કરી રહી છું કારણ કે હું પાર્ટીમાં જોડાઈ છું. પરંતુ મને હૃદયપૂર્વક લાગ્યું છે કે પ્રિયંકા ગાંધી, રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, મલ્લિકાર્જુન ખડગે અને કોંગ્રેસના તમામ વરિષ્ઠ નેતાઓ મારા પરિવાર જેવા છે. જુલાનામાં, ફોગાટ આમ આદમી પાર્ટીની કવિતા રાની, ઉઉઈ કુસ્તીબાજ, ઈન્ડિયન નેશનલ લોકદળના સુરેન્દર લાથેર, BJPના યોગેશ કુમાર અને જનનાયક જનતા પાર્ટીના અમરજીત ધંડા સામે છે, જેઓ વર્તમાન ધારાસભ્ય પણ છે.

### 'આજે ૯ ઓકટોબર વર્લ્ડ પોસ્ટલ ડે..'

# સોમનાથ નગર વાગોળે છે જેનો એક સમયે દબદબો હતો તેવા પોસ્ટતંત્રને





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૯

'ખત લિખ દે સાવરીયાં કે નામ બાબુ,
કોરે કાગજ પે લિખ દે સલામ બાબુ,
વો..જાન.. જાયેંગે, પહેચાન જાયેંગે...'

'ડાકિયા ડાક લાયા, ડાક લાયા,
ખુશી કા પૈયગામ લાયા...'

આજે ૯ ઓકટોબરે વિશ્વ પોસ્ટલ ડે છે. ત્યારે એ જાણવું પણ રસપ્રદ થશે કે, પોસ્ટમેન અને પોસ્ટ માસ્તરને સંધુય ગામ આખું ઓળખતું હતું.

સોમનાથના ભાસ્કર વૈદ્ય કહે છે 'તે જમાનામાં રેડિયોનું પણ લાયસન્સ ભરવું પડતું જે માટે પોસ્ટ ઓફીસે જવું પડતું અને લાયસન્સ જો ન હોય તો ગામમાં ચેકીંગ પણ થતું હતું. તે જમાનામાં પોસ્ટમેનની શેરીના નાકે રાહ જોવાતી ટપાલની આવી ઈંતીજારી શું છે તેના ઉપર ગુજરાતી નવલકથા 'પોસ્ટમેન'માં અલી ડોસાનું પાત્ર આજેય જીવંત છે.

પત્રની શરૂઆતમાં રાજમાન રાજેશ્રી અને અંતમાં રામ રામ લખાતું. ગામની શેરીના નાકે લાલ રંગની ટપાલ પેટીઓ રહેતી અને ટપાલ તંત્રનો માણસ લખેલા સમયે પેટીમાંની ટપાલ કાઢવા આવતો હતો.

પરીક્ષાની માર્કશીટ પણ ટપાલ દ્વારા જ આવતી હતી. મરણની જાણના પોસ્ટકાર્ડના ખુણે 'અશુભ' લખાતું તો વેવિશાળ કન્ફર્મ થાય તો તેની જાણ તાર દ્વારા થાય પછીજ વેવિશાળની જાહેરાત થાય.

ખાખી યુનિફોર્મ, ખભે ટપાલનો બગલ થેલો અને ચશ્મા પહેરેલ ટપાલી કાન ઉપર પેન્સીલ રાખતો કે જેથી કોઈને સહી કરવા જરૂર પડે તો આપતો હતો. દિવાળીના દિવસોમાં ટપાલી બોણી લેવા આવતા અને લોકો હોંશે-હોંશે આપતા પણ ખરા. સોશ્યલ મિડીયાના પ્રભુત્વ યુગમાં ટપાલ પ્રથા તો હવે સાવ વિસરાઈ જ ગઈ છે. વોટ્સએપ, કુરિયર સર્વિસ, ટ્રાન્સપોર્ટ વહન ઝડપના આ યુગમાં આંતરદેશીય પત્ર તો સાવ જોવા જ નથી મળતું.

વિશ્વ પોસ્ટલ ડે શું છે?

ઓકટોબર, ૧૮૭૪ માં યુનિવર્સલ ઓસ્ટલ સ્થાપના સ્વીસની રાજધાની બર્નમાં થઈ અને ૧૯૬૯ માં જાપાનના ટોકિયોમાં યુનિવર્સલ પોસ્ટલ યુનિયન પરિષદ યોજાઈ ત્યારે આ સંસ્થાના સ્થાપનાનો દિવસ ૯ ઓકટોબર 'વિશ્વ ટપાલ દિવસ' તરીકે ઉજવાતો શરૂ થયો.

ફરી પાછી વાત તે જમાનામાં કોઈ નવી દુકાનનું ઉદ્‌ઘાટન હોય, લગ્ન પ્રસંગ હોય ત્યારે પોસ્ટ માસ્તર અને ટપાલીનો ખાસ આમંત્રણ આપતા હતા. કારણ કે, તે સમયે જનતામાં અભણ વર્ગ ખુબ હતો જેના કાગળ અને તાર તેઓ વાંચી સંભળાવતા અને ઉત્સુકતાથી વાંચનમાં શું નીકળશે તે સાંભળવા સૌ કાન માંડતા.

પોસ્ટ તંત્રે સોમનાથ મંદિરની પ્રતિકૃતિવાળી ટપાલ ટિકીટ પણ બહાર પાડેલ હતી અને આજે પોસ્ટ ઓફિસમાં ગંગાજળ બોટલ નિયત દરે વેંચાય છે તથા ભારતની કોઈપણ પોસ્ટ ઓફિસમાં નિયત રકમ ભરવાથી ઘર બેઠે સોમનાથ મંદિરનો પ્રસાદ પહોંચાડાય છે. સોમનાથ મંદિરમાં પૂજા નોંધાવનાર યજમાનોને સોમનાથ મંદિર બિલ્વપત્ર, ભસ્મ અને આશીર્વાદપત્ર તેઓના ધારાધોરણ મુજબ ટપાલથી મોકલાય છે. સોમનાથ મંદિરની પ્રતિકૃતિ પ્રતિકૃતિ પ્રભાસ પાટણ પોસ્ટ ઓફિસમાંમાં વિન્ડો રખાયેલ છે.

## નથવાણી પરિવારના કુળદેવી શ્રી બાલવી માતાજીનો નવચંડી યજ્ઞ

જૂનાગઢ તા. ૯

જૂનાગઢથી ૨૫ કિ.મી. દુર મેંદરડા ખાતે નથવાણી પરિવારના કુળદેવી શ્રી બાલવી માતાજીનો નવચંડી યજ્ઞ આસો સુદ આઠમ તા.૧૧-૧૦-૨૪ ને શુક્રવારના રોજ નવચંડી યક્ષ પૂજન સવારે ૮ કલાકે બીડુ હોમવાનો સમય સવારે ૧૨.૩૦ કલાકે, મહાપ્રસાદ ૧.૩૦ કલાકે રાખેલ છે.

આ નવચંડી યજ્ઞમાં સમગ્ર નથવાણી પરિવારને ખાસ હાજરી આપવા નથવાણી ચેરીટેબલ ટ્રસ્ટના મંત્રી નલીનભાઈ નથવાણીની યાદીમાં અનુરોધ કરવામાં આવેલ છે.

## દાણાપીઠ ખાતે આવેલ મહાલક્ષ્મી માતાજીના મંદિર ખાતે નવચંડી યજ્ઞ

જૂનાગઢ તા. ૯

જૂનાગઢમાં દાણાપીઠ ખાતે આવેલ સુપ્રસિધ્ધ શ્રી મહાલક્ષ્મી માતાજી મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી ભુપેન્દ્ર સી. વ્યાસની યાદી જણાવે છે કે, પ્રતિ વર્ષની પરંપરા મુજબ શ્રી મહાલક્ષ્મી માતાજીના મંદિરમાં આસો સુદ નોમ ને શુક્રવાર તા.૧૧-૧૦-૨૪ ના રોજ મંદિરના પટાંગણમાં શ્રી હોમાત્મક નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. હવનનું બીડું સાંજે ૫.૩૦ કલાકે હોમાશે. આ પ્રસંગે ગોંડલના આચાર્ય મહેશભાઈ વી. ઓઝા તથા તેમના અનુયાયીઓને જૂનાગઢના પ્રસિધ્ધ બ્રાહ્મણો સક્રાઈય તથા મંત્રોચ્ચાર કરશે અને મહાલક્ષ્મી માતાજીની સ્તુતિઓ બોલશે. આ ધાર્મિક પ્રસંગેમાં જૂનાગઢની ધર્મપ્રેમી જનતાને હવનના દર્શનનો જાહેર જનતાને લાભ લેવા એક યાદીમાં નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# રાજ્યની વણથંભી વિકાસયાત્રાની ઉજવણી અંતર્ગત ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે યોજાઇ નિબંધ સ્પર્ધા

**ગુજરાતનો ૨૩ વર્ષનો વિકાસ અને ગુજરાતીઓનો સરકાર પરનો ૨૩ વર્ષથી અવિરત વિશ્વાસ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વને આભારી છે, પીએમ મોદીના માર્ગદર્શનમાં નંખાયેલા વિકાસના મજબુત પાયાને પરિણામે ગુજરાત વિકાસનું રોલ મોડેલ બન્યું છે**





જૂનાગઢ તા. ૯

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળી ૨૩ વર્ષ અગાઉ રાજ્યની વણથંભી વિકાસયાત્રા શરૂ કરી હતી. આ અવસરને વધાવવા માટે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં ઓકટોબર-૨૦૨૪ની તા.૦૭ થી તા.૧૫ દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગરૂપ આજ રોજ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિનાં અનુસ્નાતક ભવનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા સુશાસન થકી વિકાસ, શાંતિ-શક્તિ-સમૃધ્ધિને સમર્પિત ગુજરાત, સ્ટાર્ટ અપ થકી સમૃધ્ધિ, ક્લાઈમેટ ચેન્જ અને પર્યાવરણ સંતુલન, મહિલા સશક્તીકરણ-ગુજરાતનું ગૌરવ, પુનઃપ્રાપ્ય ઊર્જા-નવો સુર્યોદય, ગુજરાતનાં વિકાસમાં પ્રવાસનની ભુમિકા, સ્ટેચ્યુ ઓફ યુનિટી-ઊંચાઈ અને એકતા, મારા સ્વપ્નનું વિકસીત ગૂજરાત,એક ભારત શ્રેષ્ઠ ભારત, આત્મનિર્ભર ભારતની મારી સંકલ્પનાં, દેશનાંવિકાસનું ગ્રોથ એન્જીન-ગુજરાત, વિકાસનું ધ્યેય-રાષ્ટ્રપ્રથમ, સર્વાંગી અને સમાવેશ વિકાસ, અવિરત વિજળી-અવિરત વિકાસ વિષયે વિદ્યાર્થીઓએ નિબંધ લેખન સ્પર્ધામાં ભાગ લીધો હતો. નિબંધ સ્પર્ધાનાં સંકલનકાર તરીકે ડો. સંદિપ ગામિતે સંચાલન કર્યુ હતું.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ પ્રાસંગિક વાત કરતા જણાવ્યુ હતુ કે ગુજરાતની વણથંભી વિકાસ યાત્રામાં દેશનાં પનોતા પુત્ર અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું મોટુ યોગદાન રહ્યુ છે. જૂનાગઢ જિલ્લાનાં પ્રવાસનને વેગ આપતા પ્રકલ્પોનાં સર્વાંગી વિકાસની વાત હોય કે રોપ-વેનાં માધ્યમથી ગિરનાર અને જૂનાગઢને આગવી ઓળખ પ્રસ્થાપિત થવાની વાત હોય કે પછી જૂનાગઢ ખાતે ભક્તકવિ નરસીંહ મહેતા યુનિ.ની સંકલ્પનાનાં વિચારબીજમાં દિઘર્દ્રષ્ટી હોય ગુજરાતનો ૨૩ વર્ષનો વિકાસ અને ગુજરાતીઓનો સરકાર પરનો ૨૩ વર્ષથી અવિરત વિશ્વાસ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વને આભારી છે. પીએમ મોદીના માર્ગદર્શનમાં નંખાયેલા વિકાસના મજબુત પાયાને પરિણામે ગુજરાત વિકાસનું રોલ મોડેલ બન્યું છે

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ દ્વારા વિકાસ સપ્તાહની ઉજવણી અન્વયે કોમર્સ એન્ડ મેનેજમેન્ટ પ્રભાગનાં વિભાગિય વડા અને વિકાસ સપ્તાહ સમિતીનાં ચેરમેન પ્રો.(ડો.) ભાવસીંહ ડોડીયા દ્વારા સંકલન કરી સપ્તાહ દરમિયાન યુનિ. દ્વારા ભીંત ચિત્રો, વિકાસ પ્રતિજ્ઞા, સ્ટાર્ટઅપ એન્ટરપ્રિનીયરશીપ, ક્વિઝ સ્પર્ધાનાં આયોજન કરવામાં આવ્યુ છે. -

-પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી કુલપતિ

## ગેરકાયદેસર તમંચો રાખવાના ગુનામાં આરોપીનો નિર્દોષ છુટકારો


જૂનાગઢ તા. ૯

જૂનાગઢની જયુડી. મેજી. કોર્ટે ગેરકાયદેસર તમંચો રાખવાના કેસમાં આરોપીને નિર્દોષ છોડવા હુકમ કરેલ છે. આ કેસની વિગત એવી છે કે, તા.૧૧-૮-૨૧ ના રોજ બપોરના સુમારે સુખનાથ ચોક કુંભારવાડા બારા સૈયદ રોડ ઉપર આવેલ આરોપી હમીદભાઈ હુસેનભાઈ હીંગોરાના ઘરમાંથી પોલીસની રેડ દરમ્યાન પરવાના વગર દેશી હાથ બનાવટનો તમંચો નંગ-૧ તથા કાર્ટીસ નંગ-૨ મળી આવતા મુદામાલ સાથે આરોપીને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી કરવામાં આવી હતી. અને ત્યારબાદ જૂનાગઢ કોર્ટમાં પોલીસ દ્વારા આરોપી વિરૂધ્ધ આર્મ્સ એકટની કલમ ૨૫(૧) (બી-એ), ૨૯ તથા જી.પી. એકટની કલમ ૧૩૫ મુજબ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ. તાજેતરમાં આ કેસની નામદાર કોર્ટમાં સુનાવણી હાથ ધરાતા ફરીયાદ પક્ષે લેખિત -મૌખિક મળી ૧૫ પુરાવાઓ રજુ કરવામાં આવેલ હતા. ત્યારબાદ નામદાર કોર્ટે બંને ફરીયાદ પક્ષ અને આરોપી પક્ષને સાંભળી આરોપી તરફે બચાવ કરવામાં આવેલ તે દલીલો ગ્રાહય રાખી આરોપી હમીદભાઈ હુસેનભાઈ હીંગોરા રહે. જુનાગઢ વાળાને નિર્દોષ છોડી મુકવા જૂનાગઢના ત્રીજા જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. શ્રી એન.આર. સોલંકીએ હુકમ કરેલ છે. આ કેસમાં આરોપી તરફે જૂનાગઢના એડવોકેટ એ.આઈ. ઠેબા રોકાયેલા હતા.

### મારવાડી યુનિવર્સિટીને ઓનલાઈન ડિગ્રી પ્રોગ્રામ્સ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) એ કુલ ચાર ઓનલાઈન કોર્સ શરૂ કરવા માટે આપી મંજૂરી

# મારવાડી યુનિવર્સિટીને યુજીસી દ્વારા માન્ય ઓનલાઈન પ્રોગ્રામોની મદદથી અમે શિક્ષણને સાચા અર્થમાં સુલભ બનાવી શકીશું : ટ્રસ્ટી ધ્રુવ મારવાડી

**બે અંડર-ગ્રેજ્યુએટ કોર્સ - બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) અને બેચલર ઓફ કોમ્પ્યૂટર એપ્લિકેશન (બીસીએ) તથા તેની સાથે બે પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ - એમએ ઈન ઈંગ્લિશ લિટ્રેચર અને એમએસસી ઈન મેથેમેટિક્સનો સમાવેશ થાય છે**







(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૯

મારવાડી યુનિવર્સિટી દ્વારા ઓન લાઈન ડિગ્રી અભ્યાસક્રમો શરૂ કરવાના લેવામાં આવેલા આ નિર્ણય પાછળનો વિચાર સમગ્ર વિશ્વમાં વિદ્યાર્થીઓને સુલભ અને ઉચ્ચ-ગુણવત્તાનું શિક્ષણ પુરૂં પાડવાનો છે. 'વિદ્યાર્થીઓ દુનિયાના કોઈ પણ ખૂણામાંથી અભ્યાસ કરી શકે છે, જે આ પહેલને પોતાની અન્ય કટિબદ્ધતાઓની સાથે પોતાનું શિક્ષણ ચાલું રાખવા માંગતાલોકો માટે ગેમ-ચેન્જર બનાવે છે. આ અભ્યાસક્રમો અન્ય પરંપરાગત ઑન-કેમ્પસ ડિગ્રીઓને સમાન શૈક્ષણિક માન્યતા પૂરી પાડે છે. અમે શિક્ષણ મેળવવામાં આવતાં અવરોધોને દૂર કરવા માટે અને સમાજના દરેક તબક્કાના વિદ્યાર્થીઓને ભણવાની વિશ્વસ્તરીય તકો પ્રાપ્ત થાય તેની ખાતરી કરવા માટે તૈયાર છીએ. આ યુજીસી દ્વારા માન્ય ઓનલાઈન પ્રોગ્રામોની મદદથી અમે શિક્ષણને સાચા અર્થમાં સુલભ બનાવીશું તેમ મારવાડી યુનિવર્સિટીના ટ્રસ્ટી ધ્રુવ મારવાડીએ પત્રકાર પરિષદ સબોધતા જણાવ્યું હતું.

શ્રી ધ્રુવ મારવાડીએ જણાવ્યું હતું કે નેકમાં A ગ્રેડ ધરાવતી મારવાડી યુનિવર્સિટીને હાલમાં જ ઑક્ટોબર ૨૦૨૪થી લાગુ કરીને ઓનલાઈન ડિગ્રી પ્રોગ્રામ્સ શરૂ કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) પાસેથી UGC Entitled કેટેગરી હેઠળ મંજૂરી મળી ગઈ છે. યુજીસીએ કુલ ચાર ઓનલાઈન કૉર્સ શરૂ કરવા માટે યુનિવર્સિટીને મંજૂરી આપી છે. આ અભ્યાસક્રમોમાં બે અંડર-ગ્રેજ્યુએટ કૉર્સ - બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) અને બેચલર ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન (બીસીએ) તથા તેની સાથે બે પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ - એમએ ઈન ઈંગ્લિશ લિટ્રેચર અને એમએસસી ઈન મેથેમેટિક્સનો સમાવેશ થાય છે. મારવાડી યુનિવર્સિટીને યુજીસી એન્ટાઈટલ્ડ કેટેગરી હેઠળ આ ચાર ઓનલાઈન કોર્સ શરૂ કરવા માટે મંજૂરી આપી છે જે નેક માં A ગ્રેડ ધરાવતી યુનિવર્સિટીઓને UGC દ્વારા આપવામાં આવે છે.

આ પહેલ કેન્દ્ર સરકારની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અનુસાર છે, જેમાં ઓનલાઈન ઉચ્ચ શિક્ષણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. વધુમાં યુજીસી દ્વારા માન્યતા પ્રાપ્ત ઓનલાઈન પ્રોગ્રામો મારફતે મેળવવામાં આવેલી ડિગ્રીઓને પરંપરાગત અભ્યાસક્રમો મારફતે મેળવવામાં આવેલી ડિગ્રીઓને સમકક્ષ ગણવામાં આવશે તેવી સ્પષ્ટતા કરવામાં આવેલી છે. મારવાડી યુનિવર્સિટી દ્વારા ઓન લાઈન ડિગ્રી અભ્યાસક્રમો શરૂ કરવાના લેવામાં આવેલા આ નિર્ણય પાછળનો વિચાર સમગ્ર વિશ્વમાં વિદ્યાર્થીઓને સુલભ અને ઉચ્ચ-ગુણવત્તાનું શિક્ષણ પૂરૂં પાડવાનો છે. આ અભ્યાસક્રમો ખાસ એવા લોકોની જરૂરિયાતોને પૂરી કરે છે, જેઓ સામાજિક, આર્થિક કે અન્ય કોઈ વ્યક્તિગત કારણોસર કૉલેજના ફૂલ- ટાઈમ અભ્યાસક્રમોને ભણી શકે તેમ નથી અથવાતો એક સાથે બે વિષયો માં અભ્યાસ કરવાની ઈચ્છા ધરાવે છે.

મારવાડી યુનિવર્સિટીના ટ્રસ્ટી શ્રી ધ્રુવ મારવાડીએ જણાવ્યું હતુ કે, 'વિદ્યાર્થીઓ દુનિયાના કોઈ પણ ખૂણામાંથી અભ્યાસ કરી શકે છે, જે આ પહેલને પોતાની અન્ય કટિબદ્ધતાઓની સાથે પોતાનું શિક્ષણ ચાલું રાખવા માંગતા લોકો માટે ગેમ-ચેન્જર બનાવે છે. આ અભ્યાસક્રમો અન્ય પરંપરાગત ઑન-કેમ્પસ ડિગ્રીઓને સમાન શૈક્ષણિક માન્યતા પૂરી પાડે છે. અમે શિક્ષણ મેળવવામાં આવતાં અવરોધોને દૂર કરવા માટે અને સમાજના દરેક તબક્કાના વિદ્યાર્થીઓને ભણવાની વિશ્વસ્તરીય તકો પ્રાપ્ત થાય તેની ખાતરી કરવા માટે તૈયાર છીએ. આ યુજીસી દ્વારા માન્ય ઓનલાઈન પ્રોગ્રામોની મદદથી અમે શિક્ષણને સાચા અર્થમાં સુલભ બનાવી શકીશું.' પ્રથમ તબક્કામાં મારવાડી યુનિવર્સિટી આ ઓનલાઈન ડિગ્રી પ્રોગ્રામ્સ શરૂ કરશે. બીબીએ, બીસીએ, એમએ ઈન ઈંગ્લિશ અને એમએસસી ઈન મેથેમેટિક્સ. આ પ્રોગ્રામમાં એડમિશન વર્ષમાં બે વખત આપવામાં આવશે, ઓકટોબર અને એપ્રિલ મહિનામાં. ઓનલાઈન ડિગ્રી પ્રોગ્રામમાં એડમિશન, ભણાવવાની તેમજ પરીક્ષા ની પ્રક્રિયા સંપૂર્ણ ઓનલાઈન હાથ ધરવામાં આવશે અને વિદ્યાર્થી ને ક્યારેય યુનિવર્સિટી માં આવવાની જરૂર નહિ પડે. ૨૧ મી સદી માં વધુ લોકો ને તેમને જે સ્પીડથી ભણવાની ઈચ્છા હોય તે સ્પીડ અને રીતથી ભણાવાવનું ચલણ છે જે આ ઓનલાઈન કોર્સમાં શક્ય બનશે.

આવા પ્રત્યેક અભ્યાસક્રમો મલ્ટિમીડિયા કન્ટેન્ટની સાથે ઈન્ટરેક્ટિવ લર્નિંગ મોડ્યુલ્સ ધરાવતા હશે, જે શીખવાના અનુભવને વ્યાપક, સરળ અને રસપ્રદ બનાવશે. આ ઉપરાંત, મારવાડી યુનિવર્સિટી ઈન્ડસ્ટ્રીના પ્રોફેશનલ અને વિષય નિષ્ણાતોની સાથે ભેગા મળીને ઉચ્ચ-ગુણવત્તાના લર્નિંગ કન્ટેન્ટનું સર્જન કરવા માટે અત્યાધુનિક સ્ટુડિયો પણ શરૂ કરશે જે દ્વારા વિષય નિષ્ણાતો ના સેશન રેકોર્ડ કરવામાં આવશે.

વિદ્યાર્થીઓ સ્માર્ટફોન્સથી માંડીને લેપટોપ સુધીના વ્યાપક રેન્જના ડીવાઈઝનો ઉપયોગ કરીને તેમાં ભાગ લઈ શકે છે તથા ઓનલાઈન ફોર્મેટ તેમને અન્ય જવાબદારીઓની સાથે શિક્ષણનું સંતુલન કરવાની ફ્લેક્સિબિલિટી પણ પૂરી પાડશે. આથી વિશેષ, યુનિવર્સિટીના ઓનલાઈન અભ્યાસક્રમો વિદ્યાર્થીઓને બેવડી ડિગ્રીઓ પ્રાપ્ત કરવાની પણ વિશેષ તક પૂરી પાડે છે, જેની મદદથી તેઓ ઓનલાઈન અને રેગ્યુલર કોર્સ એમ બંનેમાં એક સાથે પ્રવેશ મેળવી શકે છે.

## લોઢવા ગામે ભોળા (આહિર) પરિવારના કુળદેવી વિજવાસણ માતાજીના સાંનિધ્યમાં નવરાત્રી

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા. ૯



લોઢવા ખાતે આવેલ ભોળા (આહિર) પરિવારના કુળદેવી વિજવાસણ માતાજીના સાંનિધ્યમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ આસુ નવરાત્રી નિમીત્તે તા.૧૧-૧૦-૨૪ ને શુક્રવારના રોજ હોમ હવન રાખેલ છે. દર વર્ષની માફક આ વર્ષે પણ ભોળા પરિવારના યુવાનો નવરાત્રી દરમ્યાન રાત્રી સમુહમાં યજ્ઞ કરીને માતાજીની આરાધના કરે છે અને દર વર્ષે આ યુવાનો ગામમાં આવેલ ગરબી મંડળની બાળાઓને જમણવાર પણ કરાવે છે. અને નવરાત્રીની નવ દિવસ સુધી ધામધુમ પુર્વક ઉજવણી કરવામાં આવે છે.

## પ્રશ્નાવડા મુકામે ભવાની માતાના મંદિરે યજ્ઞનું આયોજન



સુત્રાપાડા તાલુકાના પ્રશ્નાવડા ગામે આવેલ સમસ્ત કારડીયા રાજપુત સમાજ જાદવ પરિવારના કુળદેવી ભવાની માતાજીના મંદિરે નવરાત્રી નિમીત્તે તા.૧૧-૧૦-૨૪ ને શુક્રવારે યજ્ઞ-હવન સવારે ૮ કલાકે શરૂ થશે અને બપોરે ૧૨.૧૫ કલાકે પુર્ણાહુતિ રાખેલ છે. તો બહારગામ રહેતા સમસ્ત જાદવ પરિવારના લોકોએ હાજરી આપવા એક યાદીમાં જણાવેલ છે.

## વાઢેર પરિવારના કુળદેવી અભયાઈ (મોમાઈ) માતાજીના મંદિરે હોમ-હવન



લોઢવા ખાતે આવેલ વાઢેર (આહિર) પરિવારના કુળદેવી અભિયાઈ (મોમાઈ) માતાજીના મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ આસુ નવરાત્રી ધામધુમ પુર્વક ઉજવવામાં આવે છે. મંદિર ખાતે તા.૧૦-૧૦-૨૪ ને ગુરૂવારના દિવસે હોમ હવન રાખવામાં આવેલ છે. તો દરેક વાઢેર પરિવારે (આહિર) હોમ-હવનનો લાભ લેવા એક યાદીમાં અનુરોધ કરવામાં આવેલ છે.

# તત્કાલીન મુખ્યમંત્રી અને પ્રવર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતની વણથંભી વિકાસ યાત્રાના સફળ ૨૩ વર્ષ પૂર્ણ

## તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર ભાઈ મોદીએ વર્ષ ૨૦૧૨માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે જૂનાગઢને જિલ્લાના વહીવટી તંત્રના કેન્દ્રબિંદુ જિલ્લા સેવા સદનની આપી હતી ભેટ





**જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા પંચાયત અને જિલ્લા પોલીસ વડાની કચેરી એક જ પરિસરમાં કાર્યરત : નાગરિકોને એક જગ્યાએથી મળી રહે છે સરકારી સેવાઓ, નાગરિકોને સુલભ અને સુવિધા સભર સરકારી સેવાઓનો લાભ મળી રહે તે માટે અધ્યતન સુવિધાઓથી સજ્જ સરકારી કચેરીઓના નિર્માણ વિશેષ ભાર આપ્યો હતો**

જૂનાગઢ તા.૯

તત્કાલીન મુખ્યમંત્રી અને પ્રવર્તમાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના સફળ, સબળ અને સમર્થ નેતૃત્વમાં નાગરિકોને સરકારી સેવાઓનો સુલભ અને સુવિધાસભર લાભ મળી શકે તે માટે આધુનિક સુવિધાઓથી સજ્જ સરકારી કચેરીઓના નિર્માણ પર પણ પૂરતું ધ્યાન આપ્યું હતું.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જૂનાગઢ જિલ્લાના ચહુમુખી વિકાસ માટે અનેકવિધ વિકાસ કાર્યોની ભેટ આપી છે. વર્ષ ૨૦૧૨માં ૬૬માં સ્વાતંત્ર પર્વ નિમિત્તે વહીવટી તંત્રના કેન્દ્રબિંદુ એવી કલેકટર કચેરી, જિલ્લા પંચાયત અને જિલ્લા પોલીસ વડાની એક જ પરિસરમાં નવનિર્મિત કચેરીઓનું લોકાર્પણ કર્યું હતું. તા.૧૪ ઓગસ્ટ ૨૦૧૨ના રોજ મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ રૂ.૩૯.૯૯ કરોડના ખર્ચે બનેલ જિલ્લા સેવા સદન -૧ અને પોલીસ અધિક્ષક કચેરીનું લોકાર્પણ કર્યું હતું. જિલ્લા પંચાયત ખાતે અરજદાર તરીકે આવેલા પલાસવા ગામના વતની શ્રી ભરતભાઈ સિદપરા જણાવે છે કે, એક જ પરિસરમાં આવેલ કલેકટર કચેરી, જિલ્લા પંચાયત અને એસપી ઓફિસ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ કરેલા વિકાસ કાર્યોની સાક્ષી પૂરે છે. આ ત્રણ કચેરીઓ એક જ પરિસરમાં હોવાથી નાગરિકોને પણ સરકારી કામ માટે ઘણી સરળતા રહે છે. તેમણે એમ પણ કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ વર્ષ ૨૦૦૧માં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા બાદ ગુજરાતની અવિરત વિકાસયાત્રા ચાલી રહી છે.

આજે ભારતને પણ એક સક્ષમ નેતૃત્વ મળવાથી દેશ સતત વિકાસની નવી ઊંચાઈઓ હાંસલ કરી રહ્યો છે. કલેકટર કચેરી ૭૨૯૬, જિલ્લા પંચાયત ૪૯૩૬ અને પોલીસ અધિક્ષકની કચેરી ૪૯૩૬ ચોરસ મીટર ક્ષેત્રફળમાં નિર્માણ પામી છે.

ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૭ ઓક્ટોબર ૨૦૦૧ના દિવસે ગુજરાતના ૧૪માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા અને વિકાસથી રાજનીતિનું એક નવો અધ્યાય શરૂ થયો હતો.

તેમના શાસનકાળના જનહિતકારી અને સુશાસનની ગાથા જનધન સુધી ઉજાગર કરવા તા.૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર દરમિયાન સમગ્ર રાજ્યમાં વિકાસ સપ્તાહની ઉજવણી થઈ રહી છે.

આલેખન : રોહિત ઉસદડ

# વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા પ્રતિજ્ઞાબદ્ધ થતા જૂનાગઢ જિલ્લાના અધિકારી-કર્મચારીઓ



**જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ અધ્યક્ષ સ્થાને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી**

જૂનાગઢ તા.૮

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતના સફળ અને સર્વગ્રાહી વિકાસયાત્રાના ૨૩ વર્ષની સફળતાની ઉજવણીના ભાગરૂપે વિકાસ સપ્તાહની સમગ્ર રાજ્યની સાથે જૂનાગઢ જિલ્લામાં ઉજવણી કરવામાં આવી રહી છે. તેના ભાગરૂપે વિકસિત ભારતના સ્વપ્રને સાકાર કરવા જૂનાગઢ જિલ્લાના અધિકારી-કર્મચારીઓ પ્રતિજ્ઞાબદ્ધ થયા હતા. જિલ્લા કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી ખાતે જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી. ઉપરાંત વિકાસ સપ્તાહ અંતર્ગત જિલ્લા કક્ષાની જુદી-જુદી સરકારી કચેરીઓ ખાતે ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ૧૪માં મુખ્યમંત્રી તરીકે તા.૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે શપથ લીધા હતા અને તે સાથે રાજ્યના વિકાસ યાત્રાનો નવો અધ્યાય શરૂ થયો હતો.

રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૨૩ વર્ષની સર્વગ્રાહી વૈશ્વિક વિકાસ યાત્રાની સફળતાની ગાથામાં તા.૭ થી ૧૫ ઓક્ટોબર સુધી જનભાગીદારીને જોડીને વિકાસ વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં કરવામાં આવી રહી છે. વિકાસ સપ્તાહ અંતર્ગત તા.૯-૧૦-૨૦૨૪ના જિલ્લાની તાલુકા કક્ષાની તમામ કચેરીઓ અને પેટા કચેરીઓ સાથે ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવશે ઉપરાંત તા.૧૦-૧૦-૨૦૨૪ના રોજ ગ્રામ્ય કક્ષાએ પણ ભારતના વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવશે. જેમાં અધિકારી કર્મચારી સહિતના લોકો જોડાશે.

'ભારત વિકાસ પ્રતિજ્ઞા'

હું ભારતના જવાબદાર નાગરિક તરીકે પ્રતિજ્ઞા લઉં છું કે..

મારા જીવનની પ્રત્યેક ક્ષણે હું દેશ માટે સમર્પિત રહીશ.

હું સ્વનો વિચાર કરતા પહેલાં સર્વનો વિચાર કરીશ. દેશના બધા જ સંસાધનોનો ઉપયોગ યોગ્ય રીતે કરીશ. દેશના સર્વાંગી અને સમાવેશી વિકાસ માટે અવિરત કાર્યરત રહીશ.

હું મારા દેશના સમૃદ્ધ વારસાનું ગૌરવ કરીશ અને તેનું જતન કરીશ.

હું મારા દેશના બંધારણીય મૂલ્યોનું જતન કરવા સદાય પ્રયાસરત રહીશ.

જ્ઞાતિ, ધર્મ કે જાતિના તમામ બંધનોમાંથી મુક્ત રહી, બંધુતાની ભાવના સાથે મારા દેશને પ્રાધાન્ય આપીશ. એક ભારત, શ્રેષ્ઠ ભારતના સૂત્રને સાકાર કરવા ભારતની એકતા અને અખંડીતતા માટે સદાય પ્રતિબદ્ધ રહીશ.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જોયેલ વિકસિત ભારતના સ્વપ્રને સાકાર કરવા હું મન-વચન અને કર્મથી તત્પર રહીશ. રાષ્ટ્ર પ્રથમના મંત્રને જીવનમંત્ર બનાવી મારા દેશના વિકાસ અને કલ્યાણ માટે હું તન-મન અને ધનથી અવિરત પ્રયાસરત રહીશ.

વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત ભારત વિકાસ પ્રતિજ્ઞા ઓનલાઈન લઈ શકાય તે હેતુથી **https://pledge.mygov.in/bharat-vikas/** પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. તેનો લાભ રાજ્યના નાગરિકો લઈ શકશે અને પ્રતિજ્ઞા લીધાનું સર્ટિફિકેટ મેળવી શકશે.

# અદાણી ન્યૂ ઈન્ડસ્ટ્રીઝ (ANIL) દ્વારા મુંદ્રામાં સોલારના પાર્ટ્સનું ઉત્પાદન શરૂ


અમદાવાદ, તા.૯

અદાણી એન્ટરપ્રાઈઝિસની ગ્રીન એનર્જી કમ્પોનન્ટ્સ મેન્યુફેક્ચરિંગ શાખા અદાણી ન્યૂ ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ **(ANIL)** સોલાર સેલ અને ઉત્પાદન ક્ષેત્રમાં નવા શિખરો સર કરી રહી છે. અદાણી ગ્રુપ મુન્દ્રા સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં સ્થિત કંપનીએ સોલાર સેલ અને મોડ્યુલ મેન્યુફેક્ચરિંગ માટેના મુખ્ય ભાગોના ઉત્પાદન માટે વિશેષ સુવિધાઓ ઊભી કરી છે. કંપની પ્રવકતાના જણાવ્યા અનુસાર આ યોજના સૌર સેલ અને મોડ્યુલ મેન્યુફેક્ચરિંગ લાઈનને ટેકો આપવા માટે પોતાની સપ્લાય ચેઈન બનાવવા અંગે કેન્દ્રિત છે. **ANIL** હાલમાં પોલિસીલિકોન વેફર્સ, ઈંગોટ્સ, સેલ અને મોડ્યુલ્સનું ઉત્પાદન કરી રહી છે,



જે સોલાર મોડ્યુલ ઉત્પાદનમાં જરૂરી સાધનો માટે એન્ડટો-એન્ડ સિસ્ટમ બનાવે છે. અદાણી એન્ટરપ્રાઈઝિસની પેટાકંપની **ANIL** ઓછા કાર્બન ઉત્સર્જન કરતા પ્રોજેક્ટ્સ ચલાવે છે. તે ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ્સ, વિન્ડ ટર્બાઈન અને સોલર મોડ્યુલ બેટરીના ઉત્પાદનમાં કામ કરે છે. ફ્રેન્ચ એનર્જી જાયન્ટ ટોટલએનર્જીસ **ANIL**માં ૨૫ ટકા હિસ્સો ધરાવે છે જ્યારે અદાણી એન્ટરપ્રાઈઝ બાકીનો હિસ્સો ધરાવે છે. તાજેતરમાં અદાણી ગ્રૂપ દ્વારા સપ્લાય ચેઈન સોલ્યુશન્સ અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ સેવાઓ પ્રદાન કરવા માટે ચીનમાં પણ સબસિડિયરી કંપનીની રચના કરી છે. વિશ્વના અનેક દેશો ગ્રીન એનર્જી ઉપર વધુને વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. તેવામાં અદાણી જૂથ પણ વર્ષ ૨૦૨૭ સુધી સોલાર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટની ક્ષમતા વધારવા કામ કરી રહ્યું છે. અદાણી ગ્રુપના સૌર ઊર્જા ઉત્પાદન એકમ સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું હતું કે કંપની પાસે ૩૦૦૦ મેગાવોટથી વધુની નિકાસ ઓર્ડર બુક છે. સૌર ઉર્જાથી વપરાતા તમામ સાધનો પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વિના વીજળી ઉત્પન્ન કરે છે. સોલાર સિસ્ટમ ઈન્સ્ટોલ કરીને, તમે ઈલેક્ટ્રિક ગ્રીડમાંથી વીજળીના મોટા બિલને ઘટાડી શકો છો અને સરકાર દ્વારા શરૂ કરાયેલ સબસિડી યોજનાનો લાભ પણ લઈ શકો છો. ઉલ્લેખનીય છે કે, અદાણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ અને મુન્દ્રા સોલર ટેક્નોલોજી લિમિટેડને અમારી સંપૂર્ણ માલિકીની પેટાકંપની અદાણી ન્યૂ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ સાથે મર્જ કરવામાં આવી છે. એનર્જી સેક્ટરમાં વિસ્તરણ માટે લીધેલા મહત્વના નિર્ણય અંતર્ગત બે પેટાકંપની એકમોને અદાણી ન્યૂ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ **(ANIL)** સાથે મર્જ કર્યા છે, જે ગ્રીન હાઈડ્રોજન અને વિન્ડ ટર્બાઈન મેન્યુફેક્ચરિંગ કંપની છે.

# દ્વારકા દ્વાદશ જ્યોર્તિલિંગ નાગેશ્વર મહાદેવ મંદિર ગર્ભ ગૃહ ચાંદીથી સુશોભિત થયું





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૯

દ્વાદશ જ્યોર્તિલિંગ નાગેશ્વર મંદિર ગર્ભ ગૃહ અને પરિસરનાં વિકાસ કાર્યો માટે મંદિર ટ્રસ્ટનાં ટ્રસ્ટી ગીરધરભારથી મહારાજનાં માર્ગદર્શન હેઠળ ચાર કરોડનાં વિકાસ કાર્યો કરાયા. મંદિરનાં વિશાળ પટાંગણમાં મારબલ પાથરવામાં આવ્યું. મંદિર પટાંગણમાં પધરાવેલ શિવ પરિવારની મૂર્તિને પથ્થરથી સુશોભિત કરીને પાણીનાં ઝરણાં વહેતાં કરાયા. શ્રધ્ધાળુઓ માટે આ ભવ્ય દર્શન એક અનોખું આકર્ષણનું કેન્દ્ર બન્યું. આ ઉપરાંત શનિ મહારાજનું દિવ્ય મંદિર અને વિશાળ યજ્ઞશાળાનું પણ નિર્માણ કરાયું. આ સત્કાર્યોનાં લોકાર્પણ દ્વારકા શ્રી શારદા મઠનાં શંકરાચાર્યે પ.પૂ.શ્રી દંડીસ્વામી મહારાજનાં હસ્તે કરવામાં આવ્યું હતું.

# જૂનાગઢ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અધિકારી-કર્મચારીઓએ કર્મચારીઓએ ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી



જૂનાગઢ તા.૯

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ગુજરાત રાજ્યનો મુખ્યમંત્રી તરીકે પદવાર સંભાળી ૨૩ વર્ષ અગાઉ રાજ્યના સર્વાંગી અને સર્વગ્રાહી વિકાસ યાત્રાની શરૂઆત કરી હતી. આ અવસરને વધાવવા માટે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં તા.૭ થી તા.૧૫ ઓક્ટોબર દરમિયાન વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. તેના ભાગરૂપે આજે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અધિકારી કર્મચારીઓ દેશના સર્વાંગી અને સમાવેશી વિકાસ માટે અવિરત કાર્ય કરવા માટે સંકલ્પબદ્ધ થયા હતા. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી પી.એ.જાડેજાના અધ્યક્ષ સ્થાને ભારત વિકાસ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. જેમાં **DRDA**ના કર્મયોગીઓ ઉત્સાહભેર જોડાયા હતા. આમ, દેશના સર્વાંગી અને સમાવેશી વિકાસ માટે અવિરત કાર્ય કરવા માટે સંકલ્પબદ્ધ થયા હતા.

# દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં વિકસિત ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવા માટે સામૂહિક પ્રતિજ્ઞા લેવાઈ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તા.૭ ઓક્ટોબર ૨૦૦૧ના દિવસે ગુજરાતના ૧૪મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. ઓક્ટોબર-૨૦૦૧થી ગુજરાતના વિકાસની વણથંભી યાત્રા શરુ થઈ તેને તા.૭ ઓક્ટોબર,૨૦૨૪ના ૨૩ વર્ષ પૂર્ણ થયા છે. ગુજરાતમાં સુશાસન અને વિકાસની ૨૩ વર્ષની વણથંભી યાત્રાની ઉજવણીના ભાગરુપે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવનાર છે. જેના ભાગરૂપે ગઈકાલે કલેકટર કચેરી તથા જિલ્લા પંચાયત ખાતે "એક ભારત શ્રેષ્ઠ ભારત" સૂત્ર તથા વિકસિત ભારતના સ્વપ્રને સાકાર કરવા તથા રાષ્ટ્ર પ્રથમના મંત્રને ચરિતાર્થ કરવા માટે સૌ અધિકારીઓ તથા કર્મચારીઓ સંકલ્પબદ્ધ થયા હતા. આ શપથ ગ્રહણમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી રજે.ડી.પટેલ, નાયબ કલેકટર રિધ્ધિ રાજ્યગુરૂ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી પી.એ.ગોહિલ સહિત અધિકારીઓ તથા કર્મચારીઓ જોડાયા હતા.



# ખંભાળિયામાં શુક્રવારે કાનાણી પરિવારનો હવન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૮

રઘુવંશી જ્ઞાતિના કાનાણી પરિવારના ખંભાળિયા ખાતે બિરાજમાન કુળદેવી શ્રી સિંધવી માતાજીના મંદિર ખાતે નવરાત્રિના પાવન પર્વે દરરોજ રાત્રે માતાજીના બેઠા ગરબાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સાથે આગામી શુક્રવાર તારીખ ૧૧ ના રોજ આઠમા નોરતે આઠમ નિમિત્તે સવારે ૮:૩૦ વાગ્યે માતાજીના હવન બાદ બપોરે ૧૨:૩૫ વાગ્યે હવનનું બીડું હોમવામાં આવશે. ત્યાર બાદ સર્વે કાનાણી પરિવારજનોના સમૂહ પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમોમાં સહભાગી થવા સર્વે કાનાણી પરિવારજનોને આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# સંશોધનમાં ભારતીયતા વિષયે યોજાશે એક દિવસીય રાષ્ટ્રીય કાર્ય શાળા

જૂનાગઢ તા.૯

પટેલ કેળવણી મંડળ કોલેજ ઓફ ટેકનોલોજીનાં બી.એડ કોલેજ મોતીબાગ જુનાગઢ ખાતે ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વવિદ્યાલય જુનાગઢ અને ભારતીય વિચાર મંચ ગુજરાત પ્રાંતના સંયુક્ત ઉપક્રમે સંશોધનમાં ભારતીયતા વિષયે કાર્યશાળા ૧૯ ઓક્ટોબર ૨૦૨૪ સવારે ૯-૦૦ કલાકે યોજાનાર છે.

ગુજરાત સરકાર દ્વારા ૨૦૧૫ના મે મહિનામાં સ્થાપિત ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વવિદ્યાલય (બી.કે. એન.એમ.યું) સૌરાષ્ટ્ર ક્ષેત્રના જુનાગઢ શહેર સમીપે ખડિયા સ્થિત વિશ્વવિદ્યાલયનું લક્ષ ઉચ્ચ ગુણવત્તા અને સંબંધિત શોધ અધ્યયન, પરામર્શ અને પ્રશિક્ષણ કાર્યક્રમ સંચાલિત કરવાનું છે. યુનિવર્સિટીનો ઉદેશ વૈશ્વિક સ્તર પર સક્ષમ શોધ સંસ્થાનો અને વિશ્વ વિદ્યાલય સાથે શૈક્ષણિક સંબંધ સ્થાપિત કરવાનું અને તેનો વિસ્તરણ કરવાનું પણ છે. શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટતાને પ્રોત્સાહિત કરવા સ્વતંત્ર અને મહત્વપૂર્ણ વિચારો સામાજિક વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અને ક્ષમતા નિર્માણના માધ્યમથી વિદ્યાર્થીઓને સશક્ત બનાવવી શકાય છે. વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓને પોતાના વ્યવસાયમાં અને સામાજિક લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે યુનિવર્સિટીના સહાયરૂપ બને છે. જીવનની ગુણવત્તાને સુધારવા સાથે રાષ્ટ્રીય ધરોહર, સંસ્કૃતિ અને પર્યાવરણ સાથે સંતુલન બનાવી રાખીને ઉચ્ચતમ માનવીય મૂલ્યોને આત્મસાત કરવાનો અવસર પ્રદાન કરનાર ભક્તકવિ નરસીંહ મહેતા યુનિ. અને ભારતિય વિચારમંચ ગુજરાત પ્રાંતનાં સંયુક્ત ઉપક્રમે સંશોધનમાં ભારતીયતા વિષયે એકદિવયસીય કાર્યશાળામાં તજજ્ઞો વિચારમંથન કરશે.

ભારતીય વિચાર મંચ એ વૈચારિક ચેતનાનું આવિષ્કાર છે, વ્યક્તિત્વ ઘડતરની સાથે સમાજ ઘડતરમાં ભારતીય વિચારમંચ દ્વારા સંશોધનમાં ભારતીયતા વિષયની એક દિવસીય કાર્યશાળાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે આજની યુવા પેઢી દ્વારા વિજ્ઞાન, આર્ટ્સ, વ્યાપાર, પ્રબંધન શિક્ષણમાં ઉત્કૃષ્ટ સંશોધનનો કાર્ય થઈ રહ્યું છે.

આ સંશોધનમાં ભારતીય દ્રષ્ટિકોણનો સમન્વય બની રહે અને આપણાં સાંસ્કૃતિક મૂલ્યોનું સંવહન થાય, તેમ જ વ્યાપાર, શિક્ષણ, કાનૂન જેવા વિવિધ ક્ષેત્રોમાં ભારતીયતા તેમજ ભારતના મૂલ્યોનું દર્શન થઈ શકે તે છે. કાર્યશાળાના માર્ગદર્શક તરીકે ઓર્ગેનાઈઝર વિકલીના સંપાદક શ્રી પ્રફુલ કેતકર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના પુર્વ ઉપ કુલપતિ તેમજ પ્રા. અને પૂર્વ આચાર્ય નર્મદા કોલેજ ભરૂચના ડો. ભાસ્કરભાઈ રાવલ, આત્મીય વિશ્વવિદ્યાલયના પૂર્વ ઉપકુલપતિ ડો.જયેશ દેશકર, સૌરાષ્ટ્ર વિશ્વવિદ્યાલય કેન્દ્ર સરકારના બાબાસાહેબ આંબેડકર ફાઉન્ડેશનના સદસ્ય તેમજ સંસ્કૃત વિભાગનાં પ્રા.(ડો.) રાજાભાઈ કાથડ, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય વડોદરા સંલગ્ન એમ કે અમીન કોમર્સ કોલેજ વાણિજ્ય વિભાગના પ્રિન્સિપલ ડો.કલ્પેશભાઈ નાયક તથા બુદ્ધ સ્નાતકોતર મહાવિદ્યાલય કુશીનગર ઉત્તર પ્રદેશના પ્રા.(ડો) કૌસ્તુભ નારાયણ મિશ્ર ઉપસ્થિત રહેશે. આ કાર્યશાળામાં ઉપસ્થિત રહેવા વર્તમાન સમયમાં વિજ્ઞાન, પ્રોદ્યુગીકી, આર્ટ્સ, વ્યાપાર, પ્રબંધન, શિક્ષણ અને કાનૂન જેવા વિવિધ ક્ષેત્રોમાં સંશોધન કરવાની ઈચ્છા રાખનાર વિદ્યાર્થી અને વિવિધ ક્ષેત્ર વિષયોમાં સંશોધન કરી ચૂકેલ અને પીએચડીના માર્ગદર્શક આ એક દિવસીય કાર્યશાળામાં અપેક્ષિત છે. આ કાર્યશાળામાં ઉપસ્થિત રહેવા માટે રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી હોય રજીસ્ટ્રેશન કરાવવા ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના ડો. નિશિથ ધારૈયાનો સંપર્ક સાધવા જણાવાયુ છે આવેદનની અંતિમ તારીખ ૧૨ ઓક્ટોબર છે.

# રાજયસભાના સાંસદ મુકુલ વાસનિકનું રાજકોટ ખાતે સ્વાગત કરાયું



(વિનુ પુરોહીત દ્વારા)

વિસાવદર, તા.૯

ગુજરાતના પ્રભારી અને રાજ્ય સભાના સાંસદ એઆઈસીસીના જનરલ સેક્રેટરી મુકુલ વાસનિક રાજકોટની પ્રથમ વખત મુલાકાતે આવતા અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ તેમજ યુથ આઈકોન ઈન્દ્રવિજયસિંહ ગોહેલ અને આપના સૌના લાડીલા ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમાની વિશેષ ઉપસ્થિતિમાં રાજકોટ શહેર જીલ્લા યુથ કોંગ્રેસ ના હોદ્દેદાર ભાઈઓ અને શક્તિ સુપર શી હોદ્દેદાર બહેનો દ્વારા મુકેશ ચાવડા અને ડો.રાજદીપ સિંહ જાડેજાની આગેવાનીમાં રાજકોટના ખાતે એરપોર્ટથી રેલી સ્વરૂપે પુષ્પગુચ્છ, ફૂલોથી હારતોરાથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ધાર્મિક સંસ્કૃતિ અને પ્રાચીન પરંપરાને જીવંત રાખતી

# ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા આયોજીત નવરાત્રી મહોત્સવમાં ૩૦૦ બાળાઓ માતાજીની આરાધના કરે છે










## મહાસાગર ટ્રાવેલ્સના એમડી કાળુભાઈ સુખવાણી, સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના તંત્રી અભિજીત ઉપાધ્યાય અને મહાનુભાવોએ લીધો આરતીનો લ્હાવો : બાળાઓ દ્વારા રજુ કરવામાં આવતા રાસ નીહાળવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે છે

જૂનાગઢ તા.૯

જૂનાગઢ શહેરમાં ગાંધીગ્રામ વિસ્તારમાં ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવની ઉમંગભેર આસ્થાભેર અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. પ્રાચીન પરંપરાને જીવંત રાખતા નવરાત્રી મહોત્સવની ઉજવણીમાં અંદાજીત ૩૦૦ જેટલી બાળાઓ દ્વારા સરસમજાના રાસ રજુ કરી માતાજીની આરાધના કરવામાં આવી રહી છે. અહીં યોજાતા પ્રાચીન રાસ ગરબાને નિહાળવા વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, આગેવાનો, મહાનુભાવો તેમજ ધર્મપ્રેમી જનતા મોટી સંખ્યામાં ઉમટી પડે છે.

જૂનાગઢ શહેરમાં ગાંધીગ્રામ વિસ્તારમાં ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા વર્ષોથી નવરાત્રી મહોત્સવનું અનેરૂ અને આગવુ આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ નવરાત્રી મહોત્સવની ભવ્યતાથી ઉજવણી કરવામાં આવી રહી છે.

સૌપ્રથમ માતાજીની આરતી અને સ્તુતી બાદ બાળાઓના રાસ ગરબાના કાર્યક્રમો રજુ થતા હોય છે. આ ગરબી મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવ દરમ્યાન બાળાઓ દ્વારા ભુવા રાસ, દેશભક્તિ રાસ, નવદુર્ગા રાસ વગેરે રાસો રજુ કરવામાં આવે છે. અને આ રાસ ગરબાએ ખુબ જ આકર્ષણ જગાવેલ છે અને રોજેરોજ દરેક નોરતે મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા બાળાઓના રાસ નીહાળવા ઉમટી પડે છે. આ ગરબી મંડળના આયોજકો દ્વારા બાળાઓ પાસેથી ટોકન ફી ફકત ૧ રૂપિયો જ લઈ અને બાળાઓના રાસ ગરબાનું આયોજન કરવામાં આવે છે અને બાળાઓને લ્હાણીનું પણ વિતરણ થતું હોય છે.

ગઈકાલે ગાંધીગ્રામ ગરબી મંડળની શુભેચ્છા મુલાકાતે અને આરતીનો લ્હાવો લેવા માટે ભૂતનાથ મહાદેવ મંદિરના મહંત મહેશગીરી બાપુ, મહાસાગર ટ્રાવેલ્સના એમડી કાળુભાઈ સુખવાણી, સૌરાષ્ટ્રભૂમિ દૈનિકના તંત્રી અભિજીત ઉપાધ્યાય, ચિ.આરના અભિજીત ઉપાધ્યાય, આલ્ફા સ્કુલના સંચાલક જી.પી. કાઠી, નોબલ સ્કુલના સંચાલક કે.ડી. પંડયા તેમજ પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ તેમજ મનપાના ડે.કમિશ્નર અજય ઝાપડા સહિતના મહાનુભાવો પધાર્યા હતા અને પરંપરાગત રીતે યોજાતી માતાજીની આરતીનો લ્હાવો લીધો હતો. આ ઉપરાંત પ્રાચીન પરંપરાને જાળવી રાખતા બાળાઓના સુંદર મજાના રાસ ગરબાને નિહાળ્યા હતા અને પ્રભાવિત થયા હતા.

આજે જ્યારે ઠેર-ઠેર આધુનિક એટલેકે અર્વાચિન દાંડિયા રાસના કાર્યક્રમો યોજાતા હોય છે ત્યારે શક્તિની આરાધનાના પર્વ એવા આસો માસની નવરાત્રીની ભવ્ય ઉજવણી અને તેમાં પણ પ્રાચીન રાસ ગરબાની રમઝટ બોલાવતી બાળાઓને ગરબે ઘુમતે જોઈ અને માતાજીની આરાધના કરતી નિહાળી ઉપસ્થિત મહાનુભાવો પ્રભાવિત થયા હતા અને ગાંધીગ્રામ ગરબી મંડળના આયોજકો, કાર્યકર્તાઓને ધન્યવાદ પાઠવ્યા હતા. ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા યોજાયેલા નવરાત્રી મહોત્સવના ભવ્ય કાર્યક્રમને સફળ બનાવવા માટે ગાંધીગ્રામ ગરબી મંડળના સર્વશ્રી વિરાભાઈ મોરી અને કાર્યકર્તાઓ દ્વારા મહાનુભાવોનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવેલ હતું.ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા ૨૦૦૧થી ૨૦૨૪ સુધી યોજાઈ રહેલા નવરાત્રીના મહોત્સવના કાર્યક્રમને સફળ બનાવવા માટેની તનતોડ મહેનત કરનારા ગાંધીગ્રામ ગરબી મંડળના કાર્યકર્તાઓ સર્વશ્રી વીરાભાઈ મોરી, જીગ્નેશભાઈ દવે, મજીદ ચૌહાણ, નાથાભાઈ આહીર, ડાયાભાઈ મોરી, શાહરૂખ મકવાણા, કેતન આહીર, ભાવેશ મોરી, મીત કોડિયાતર, મેણશિભાઈ વાજા, પ્રફુલભાઈ શાહ, મનસુખભાઈ હડિયલ, સુરેશભાઈ સચનિયા, મેહુલ કોઠારી, યશ જોટનીયા, યશરાજ ગઢવી, ક્રિશ ચૌહાણ, કુમેશ મોરી, જીગ્નેશભાઈ બારૈયા તેમજ ગાંધીગ્રામ ગરબી મંડળમાં બાળાઓને રાસ ગરબાની પ્રેકટીસ કરાવનાર કુસુમબેન મહેતા, બંશીબેન નંદાણીયા, પુરીબેન કરમટા, હિનાબેન કરમટા, શીતલબેન મોરી, કોમલબેન બામરોટીયા, દિશાબેન ત્રિવેદી, રાધીકાબેન વગેરે દ્વારા પણ સતત જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂ. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

## ચોકી નજીક કારખાનામાંથી પુરઝડપે નીકળેલો ટ્રક પાછળથી આઈસર સાથે અથડાતા યુવાનનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢ તાલુકાના ચોકી(સોરઠ)નજીક કારખાનામાંથી પુરઝડપે ટ્રક હાઈવે પર લેતા ટ્રક પાછળથી આઈસર સાથે અથડાતા આઈસર ચાલક યુવકનું મોત નિપજયાનું જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જસદણ તાલુકાના બળદોઈ ગામનો ૨૦ વર્ષીય સાગર રમેશભાઈ મીઠાપરા અમુલ દુધની આઈસર ગાડી નં.જીજે-૦૩-બીવી-૭૭૧૮વાળી લઈ રાજકોટ થી જૂનાગઢ તરફ આવી રહ્યો હોય દરમ્યાન જુનાગઢ તાલુકાના ચોકી ગામ પાસે સાંકળીધાર ચેક પોસ્ટ નજીક એક કારખાનામાંથી પુરઝડપે હાઈવે પર આવેલ જીજે ૦૧ ઈટી ૩૦૩૪ નંબરના ટ્રકના ચાલકે તેનો ટ્રક આઈસરની પાછળ અથડાવતા અકસ્માત સર્જાયો હતો. જેમાં આઈસરના ચાલક સાગર મીઠાપરાને ગોઠવણથી નીચેના ભાગે પગ કપાઈ જવાથી અને માથામાં ગંભીર ઈજા થતા ૧૦૮ એમ્બ્યુલન્સમાં જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો જ્યાં ફરજ ફરજના તબીબે યુવાનને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ રણજીતભાઈ સીવાભાઈ મીઠાપરાએ ટ્રક ચાલક વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢ : છરીથી મારી નાંખવાની ધમકી આપી મોબાઈલની લુંટ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢ શહેરના સ્વામી વિવેકાનંદ સ્કુલ નજીક આવેલ સ્ટેડીયમ ઉપર ફોન કરવાના બહાને લઈ જઈ છરીથી મારી નાખવાની ધમકી આપી મોબાઈલ લુંટી લીધાની ફરીયાદ એ ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસ મથકે નીખીલગીરી નયનગીરી મેઘનાથી(ઉ.વ.૧૭)રહે.જમનાવડ, ધોરાજીવાળાએ દિપુ સોલંકી રહે.પ્રદીપ ખાડીયા અને એક અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીઓએ ફરીયાદીને જૂનાગઢ સ્વામી વિવેકાનંદ સ્કુલના ગ્રાઉન્ડમાં આવેલ સ્ટેડીયમ ઉપર ફોન કરવાના બહાને લઈ જઈ છરીથી મારી નાંખવાની ધમકી આપી વીવો કંપનીનો મોબાઈલ કિ.રૂા.આશરે ૧૦ હજારવાળો બળજબરી પુર્વક કઢાવી લીધાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વંથલીના સાંતલપુરધાર નજીકથી જાહેરમાં જુગાર રમતા 3 મહિલા સહિત નવ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

વંથલી તાલુકાના સાંતલપુરધાર નજીકથી વંથલી પોલીસ ૩ મહિલા સહિત ૯ને જાહેરમાં જુગાર રમતા ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસે સાંતલપુર નજીકથી જાહેરમાં જુગાર રમતા કમલેશ લીલાભાઈ દુદકીયા, કરીમ ભીખાભાઈ માલવીયા, લખમણ પીઠાભાઈ વાણીયા, રીઝવાન રફીકભાઈ જેઠવા, ઈકબાલ સુલેમાનભાઈ ખારી, અલાઉદીન ગનીભાઈ લાડક, નશીમાબેન દાઉદભાઈ લાડક, રેખાબેન વનરાજભાઈ ગોહેલ અને રમાબેન નાથાભાઈ વાઘેલાને ૧૯૫૦૦ રોકડ, ૪ મોબાઈલ મળી કુલ ૩૯૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ વંથલી પોલીસ મથકે જુગારધારા ૧૨ મુજબ કાર્યવાહી કરી છે.

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

ડો. રશ્મિ પી. બાલચંદાણી B.A.M.S.
Mo. 74859 53500
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ - પિત્ત (એસેડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફક્ત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com

ખીચીયા પાપડનું ન્યુ બ્રાન્ડ મશીનનુ યુનીટ વેચવાનું છે
ઓટોમેટીક સ્પીડવાળુ મશીન વેચવાનું છે
:: કોન્ટેક ::
મો. ૯૪૨૮૨ ૪૧૩૭૪

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વૈધ. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નંબર
૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
"સ્વાદનો એવો જાદુ જાગે, વારંવાર મન લલચાવે"
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પ્લેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
નવરાત્રી માટે ખાસ...
નવરાત્રી માટે ખાસ...
ગાયનું તાજુ ઘી આવી ગયું છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

બેકરીની બધી જ આઈટમ ઘઉંમાં મળશે સ્પે. પંજાબી પફ મળશેઆઈસ કેકનાં
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨